RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 16, Issue : 05, Dt.14-4-2025 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ગુજરાતના દરિયામાંથી રૂ.૧૮૦૦ કરોડનું ડ્રગ્સ ઝડપાયુ


## કોસ્ટગાર્ડ અને ગુજરાત એટીએસનું સંયુક્ત ઓપરેશન : મોડી રાત્રીના પોરબંદરથી ૧૯૦ કિ.મી. દૂર મધદરિયે પાકિસ્તાની બોટને આંતરી ૩૦૦ કિલો મેફેડ્રોન ઝડપ્યુ

**મુખ્ય સમાચાર,પોરબંદર**

ગુજરાતના દરિયામાંથી અવારનવાર નશીલા પદાર્થ ઝડપાતા હોય છે. અરબી સમુદ્ર માર્ગે નશીલા પદાર્થનો કાળો કારોબાર કરનારા સુરક્ષા એજન્સીના સકંજામાં આવી જાય છે. ત્યારે, વધુ એક વખત ડ્રગ્સનો જથ્થો ઝડપી લેવામાં ભારતીય કોસ્ટ ગાર્ડ અને ગુજરાત એન્ટિ ટેરરિસ્ટ સ્ક્વોડને સફળતા મળી છે.

પોરબંદરથી ૧૯૦ કિલોમીટર દૂર દરિયામાં આ ઓપરેશન હાથ ધરાયું હતું. આ કાર્યવાહીમાં રૂપિયા ૧૮૦૦ કરોડનો ૩૦૦ કિલોગ્રામ નશીલો પદાર્થ જપ્ત કરવામાં આવ્યો છે. કોસ્ટ ગાર્ડની શિપને જોઈને, પાકિસ્તાની બોટના ચાલકો ડ્રગ્સને દરિયાના પાણીમાં ફેંકીને ભાગી ગયા હતા. જે બાદ કોસ્ટ ગાર્ડે પાણીમાંથી ડ્રગ્સનો જથ્થો બહાર કાઢ્યો હતો. આ ઓપરેશન ૧૨-૧૩ એપ્રિલે હાથ ધરાયું હતું. ડ્રગ્સ મોકલનારનું નામ અગાઉ પણ અઝજની તપાસમાં ખુલ્યું હોવાનું જાણવા મળ્યું છે.

આ અંગે માહિતી આપતા ગુજરાત ATSના DIG સુનિલ જોશીએ જણાવ્યું હતું કે, ગુજરાત ATSને એક ખાનગી બાતમીદારથી માહિતી મળી હતી કે, પાકિસ્તાનનો ફીદા નામનો ડ્રગ માફિયા ૪૦૦ કિલો જેટલો ગેરકાયદેસર માદક પદાર્થ પાકિસ્તાની ફિશિંગ બોટમાં ભરી ૧૨ એપ્રિલે સાંજે ૮ વાગ્યાથી ૧૩ એપ્રિલના સવારે ૪ વાગ્યા દરમિયાન પોરબંદરના IMBL નજીક ગુજરાતના દરિયાકાંઠે લાવવાનો છે.





જ્યાંથી ચેનલ નંબર ૪૮ પર પોતાની કોલ સાઈન રમિઝના નામથી તમિલનાડુની કોઈ બોટને પસાદિકથના નામે બોલાવી તમામ ડ્રગ્સને તમિલનાડુ મોકલવાનો છે.

બાતમીના આધારે અઝજ અને ભારતીય કોસ્ટગાર્ડના ઉચ્ચ અધિકારીઓએ તુરંત જ ગંભીરતા લઈ ઓપરેશનની તૈયારી કરી ભારતની જળ સીમામાં બાતમીવાળી જગ્યાએ પહોંચી વોચમાં પહોંચી ગયા હતા. તે દરમિયાન IMBL નજીક આ બાતમીવાળી બોટ દેખાતા તેને કોસ્ટગાર્ડની શીપ દ્વારા પકડવા જતા હતા. ત્યારે બોટ પર રહેલા ઈસમોએ બ્લુ રંગના ડ્રમ્સ દરિયામાં ફેંકી દીધા તથા ઝડપથી IMBL તરફ આગળ વધવા લાગ્યા હતા. કોસ્ટગાર્ડે આ પાકિસ્તાની બોટનો પીછો કર્યો, પરંતુ આ પાકિસ્તાની બોટ IMBL ઓળંગી નાસી ગઈ હતી. જ્યારે દરિયામાં નાખેલા તમામ ડ્રમ્સ રિકવર કરવામાં આવ્યા હતા. ATS અને કોસ્ટ ગાર્ડ દ્વારા રીકવર કરેલા ડ્રમ્સની તપાસ કરતા તેમાં કુલ ૩૧૧ પેકેટમાં આશરે ૩૧૧ કિલો માદક પદાર્થ મળી આવ્યો હતો. જેની અંદાજીત આંતરરાષ્ટ્રીય બજાર કિં.રૂ. ૧૮૦૦ થાય છે, જે બાબતે ગુજરાત એ.ટી.એસ. ખાતે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ડ્રગ્સ મોકલનારનું નામ આગાઉ પણ અઝજની તપાસમાં ખુલ્યું હોવાનું જાણવા મળ્યું છે. ગુજરાત ATS દ્વારા વર્ષ ૨૦૧૮થી આજ દિન સુધી દરિયાઈ માર્ગે ફિશિંગ બોટ મારફતે ઘૂસણખોરી કરવામાં આવતા માદક પદાર્થો બાબતે અલગ અલગ રેડ દરમિયાન દરિયાઈ માર્ગમાંથી ૭૭ પાકિસ્તાની, ૩૪ ઈરાન, ૨ નાઈજેરિયન સહિત ૫૪૦૦ કિલો ડ્રગ્સ ઝડપાયું છે જેની કિંમત ૧૦ હજાર કરોડ જેટલી થાય છે. ગુજરાત અને મહારાષ્ટ્રના દરિયાઈ વિસ્તારો ડ્રગ્સની દાણચોરી માટેનો મુખ્ય માર્ગ બની ગયા છે. તાજેતરના વર્ષોમાં, ICG અને ATSએ અનેક સંયુક્ત કામગીરીમાં મોટી માત્રામાં માદક દ્રવ્યો જપ્ત કર્યા છે. ગયા વર્ષે, એપ્રિલ ૨૦૨૪માં, ICGએ પોરબંદર કિનારા નજીક એક પાકિસ્તાની બોટમાંથી ૮૬ કિલો ડ્રગ્સજપ્ત કર્યું હતું અને ૧૪ પાકિસ્તાની ક્રૂ સભ્યની ધરપકડ કરી હતી.

## બાબા અમરનાથ યાત્રા માટે આવતીકાલથી એડવાન્સ રજિસ્ટ્રેશનનો પ્રારંભ

■ દેશભરની ચાર બેન્કોની ૫૩૩ શાખાઓમાં રજિસ્ટ્રેશન થશેઃ સ્વાસ્થ્ય પ્રમાણપત્ર ફરજીયાત

**મુખ્ય સમાચાર,જમ્મુ**

બાબા અમરનાથની યાત્રા ૩ જુલાઈથી શરૂ થઈ રહી છે, જે ૩૮ દિવસ ચાલશે અને રક્ષાબંધનના દિવસે ૯ ઓગષ્ટે સંપન્ન થશે. બાબા અમરનાથની વાર્ષિક યાત્રા માટે દેશભરમાં ચાર બેન્કોની ૫૩૩ શાખાઓમાં એડવાન્સ રજીસ્ટ્રેશન (અગાઉથી નોંધણી)ની તૈયારી પુરી થઈ ગઈ છે. એડવાન્સ રજિસ્ટ્રેશન આજથી એટલે કે ૧૪ એપ્રિલથી શરૂ થવાનું હતું પણ સરકારી રજાના કારણે આવતીકાલે મંગળવારથી શરૂ થશે.

ચાર બેન્કોની ૫૩૩ શાખાઓમાં રજીસ્ટ્રેશન થશે. જેમાં પંજાબ નેશનલ બેન્કની ૩૦૯ શાખાઓ, જમ્મુ-કાશ્મીર બેન્કની ૯૧ શાખાઓ યસ બેન્કની ૩૪ શાખાઓ અને સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાની ૯૯ શાખાઓમાં રજીસ્ટ્રેશન થશે. જમ્મુ-કાશ્મીરમાં આ બેન્કોની ૨૦ શાખાઓમાં રજિસ્ટ્રેશન થશે.

યાત્રાના બન્ને માર્ગો પહેલગામ અને બાલટાલથી રજીસ્ટ્રેશન કરવામાં આવશે. જે માટે અલગ અલગ રંગનું રજીસ્ટ્રેશન થશે. રજીસ્ટ્રેશન પહેલાની જેમ આધાર આધારિત બાયોમેટ્રીક રીતે થશે. જેની ફી ૧૫૦ રૂપિયા હશે.



આ ઉપરાંત રજિસ્ટ્રેશન માટે સ્વાસ્થ્ય પ્રમાણપત્ર ફરજીયાત છે. જેના માટે દેશભરમાં રાજયો અને કેન્દ્ર શાસીત રાજયોમાં ડોકટરો અને ચીકીત્સા કેન્દ્રોની યાદી જાહેર કરી દીધી છે. મોબાઈલ નંબર પણ જાહેર કરાઈ છે. જેથી શ્રદ્ધાળુઓને કોઈ પરેશાની ન થાય.

સાથે સાથે એ પણ સ્પષ્ટ કરાયુ છે કે અમરનાથ યાત્રા માટે રજીસ્ટ્રેશન કરાવનારની ૧૩થી૭૦ વર્ષની હોવી જોઈએ.

## પાનકાર્ડ આપ્યા વિના બેંક ખાતુ ખોલાવ્યુ હશે તો તેના પર ટૂંક સમયમાં કડક દેખરેખ રખાશે

### ગયા વર્ષે કેન્દ્ર સરકારે ૪.૫ લાખ થી વધુ ખાતા બંધ કર્યા : આ વર્ષે અત્યાર સુધીમાં ૧ લાખ સાયબર ફરિયાદ નોંધાઈ ૧૭ હજાર કરોડ રૂપિયાની છેતરપિંડી સામે આવી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

જો કોઈ ગ્રાહકે ઙઅગ આપ્યા વિના બેંક ખાતું ખોલાવ્યું હોય, તો તેના પર ટૂંક સમયમાં કડક દેખરેખ રાખવામાં આવી શકે છે. વેરિફિકેશન પ્રક્રિયાને પણ કડક બનાવમાં આવશે. ઈન્ડિયન બેંક્સ એસોસિએશન એ આરબીઆઈ અને સરકારને આ પ્રસ્તાવ મૂક્યો છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, પરમેનન્ટ એકાઉન્ટ નંબર (PAN)ની ગેરહાજરીમાં વોટર આઈડી કાર્ડ અને ફોર્મ ૬૦નો ઉપયોગ કરીને ખોલવામાં આવેલા બેંક એકાઉન્ટ માટે વેરિફિકેશન પ્રક્રિયાના ધોરણો વધુ કડક હોવા જોઈએ. આવા ખાતાઓની ચકાસણી માટે ચૂંટણી પંચના ડેટાનો ઉપયોગ કરવો જોઈએ.

ઉપરાંત, આવા ખાતાઓ પરના વ્યવહારોની સંખ્યા પણ મર્યાદિત હોવી જોઈએ. રિપોર્ટ સૂચવે છે કે અઈ અને મશીન લર્નિંગને ટ્રાન્ઝેક્શન મોનિટરિંગ સિસ્ટમ્સમાં એકીકૃત કરી શકાય છે. આનાથી ગેરકાયદેસર લેવડદેવડ સાથે સંકળાયેલા ખાતાઓ (મ્યુલ ખાતાઓ)ને ઓળખવામાં સરળતા રહેશે.

આ એવા બેંક ખાતા છે, જે ગેરકાયદેસર ગતિવિધિઓથી નાણાં મેળવવા અને મોકલવાનું માધ્યમ બની જાય છે. ભારતમાં, આ ખાતાઓ મોટાભાગે એવા લોકો દ્વારા ખોલવામાં આવે છે જેઓ અન્ય વ્યક્તિને કેટલાક પૈસા, કમિશન અથવા ફી લઈને તેમની બેંકનો ઉપયોગ કરવાની મંજૂરી આપે છે. આ વાસ્તવિક ખાતાધારકને બદલે અન્ય કોઈ દ્વારા સંચાલિત કરવામાં આવે છે. આ ખાતાઓ અન્ય વ્યકિતના ઊઢઈ દસ્તાવેજોનો ઉપયોગ કરીને ખોલવામાં આવે છે.

તાજેતરના અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ભારતીય બેંકમાં ૧૦ માંથી ૯ ડમી ખાતાઓ શોધી શકાયા નથી. ભારતમાં ઉદ્ભવતા આ ખચ્ચર ખાતાઓમાં પ્રારંભિક પ્રવૃત્તિ હોવા છતાં, બેંક તેને પકડી શકી ન હતી.

હાલમાં બેંકો તેમની આંતરિક તકેદારી પ્રણાલીના આધારે આવા ખાતાઓને અસ્થાયી રૂપે ફ્રીઝ અથવા બ્લોક કરે છે. જો કે, એન્ટી મની લોન્ડરિંગ એક્ટ (PMLA) મુજબ તેઓ કોર્ટ




અથવા કાયદા અમલીકરણ એજન્સીઓ (LEAs) ની મંજૂરી લીધા વિના ગ્રાહકના ખાતા ફ્રીઝ કરવાની સત્તા ધરાવતા નથી.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ એક અઈ ટૂલ વિકસાવ્યું છે જે છેતરપિંડી સાથે સંકળાયેલા બેંક ખાતાઓ (ખચ્ચર મની એકાઉન્ટ્સ) સરળતાથી ઓળખી શકશે અને તેને તરત જ બંધ કરી દેશે. આ ટૂલને મ્યુલ હંટર (Mule Hunter.AI) નામ આપવામાં આવ્યું છે. તેને તમામ બેંકો અને અન્ય નાણાકીય સંસ્થાઓ સાથે જોડવાનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે.

## પીએનબી કૌભાંડના ભાગેડુ હીરાના વેપારી મેહુલ ચોક્સીની બેલ્જિયમમાં ધરપકડ

**મુખ્ય સમાચાર,મુંબઈ**

ભારતના ઈતિહાસમાં સૌથી મોટા બેંક કૌભાંડોમાંના એક, ૧૩,૦૦૦ કરોડ રૂપિયાના પંજાબ નેશનલ બેંક (પીએનબી) લોન કૌભાંડના મુખ્ય આરોપી અને ભાગેડુ હીરા વેપારી મેહુલ ચોક્સીની બેલ્જિયમમાં ધરપકડ કરવામાં આવી છે. ભારતીય તપાસ એજન્સીઓની પ્રત્યાર્પણ વિનંતીને પગલે બેલ્જિયમની સત્તાધીશોએ ૧૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ આ કાર્યવાહી હાથ ધરી હતી. આ ઘટના ભારતીય ન્યાય વ્યવસ્થા માટે એક મહત્ત્વપૂર્ણ પગલું ગણાય છે, કારણ કે ચોક્સી ૨૦૧૮થી ભારત છોડીને ફરાર હતો.

સત્તાવાર સૂત્રો અનુસાર, ચોકસી સામે ઈન્ટરપોલની રેડ નોટિસ, જે તેની ધરપકડ માટે જારી કરવામાં આવી હતી, તે ૨૦૨૩માં રદ થઈ ગઈ હતી. આ પછી ભારતની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) અને સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)એ બેલ્જિયમની સરકાર સમક્ષ ચોક્સીના પ્રત્યાર્પણ માટે ઝડપી પગલાં લીધાં. ચોક્સી, તેના ભત્રીજા અને ભાગેડુ હીરા વેપારી નીરવ મોદી, તેમના પરિવારના સભ્યો, કર્મચારીઓ, બેંક અધિકારીઓ અને અન્ય સાથે મળીને ૨૦૧૮માં મુંબઈની પીએનબીની બ્રેડી હાઉસ શાખામાં આ કૌભાંડને અંજામ આપ્યો હોવાનો આરોપ છે.

ઈડીના જણાવ્યા અનુસાર, ચોક્સી અને તેની કંપની ગીતાંજલિ જેમ્સે બેંકના કેટલાક અધિકારીઓની મદદથી લેટર્સ ઑફ અન્ડરટેકિંગ (એલઓયુ) અને ફોરેન લેટર્સ ઑફ ક્રેડિટ (એફએલસી)નો દુરુપયોગ કરીને બેંકને ખોટું નુકસાન પહોંચાડ્યું હતું. આ પ્રક્રિયામાં નિયમોનું પાલન કરવામાં આવ્યું ન હતું, જેના કારણે બેંકને આર્થિક નુકસાન ભોગવવું પડ્યું. ઈડીએ ચોક્સી સામે અત્યાર સુધી ત્રણ ચાર્જશીટ દાખલ કરી છે, જ્યારે સીબીઆઈએ પણ સમાન આરોપો સાથે ચાર્જશીટ રજૂ કરી છે.

આ કેસમાં ચોક્સી અને નીરવ મોદી બંનેએ ૨૦૧૮ની શરૂઆતમાં ભારત છોડી દીધું હતું, જેના થોડા સમય બાદ પીએનબી કૌભાંડનો પર્દાફાશ થયો હતો. ચોક્સીએ




૨૦૧૭માં ઍન્ટિગુઆ અને બાર્બુડાનું નાગરિકત્વ મેળવ્યું હતું અને ત્યારબાદ તે બેલ્જિયમમાં સ્થાયી થયો હતો. તેની પત્ની પ્રીતિ ચોક્સી બેલ્જિયમની નાગરિક છે, જેના કારણે તેને ત્યાં રહેવા માટે રેસિડેન્સી કાર્ડ મળ્યું હતું. જોકે, ભારતીય એજન્સીઓએ સતત પ્રયાસો ચાલુ રાખીને તેના પ્રત્યાર્પણ માટે કાનૂની પગલાં લીધાં, જેનું પરિણામ હવે તેની ધરપકડના રૂપમાં સામે આવ્યું છે.

આ ધરપકડ ભારત માટે એક મોટી સફળતા ગણી શકાય, કારણ કે ચોક્સી લાંબા સમયથી કાનૂની પ્રક્રિયાઓથી બચવા માટે વિવિધ દેશોમાં આશરો લઈ રહ્યો હતો. હવે ભારતીય એજન્સીઓ બેલ્જિયમની સરકાર સાથે મળીને પ્રત્યાર્પણની પ્રક્રિયાને આગળ વધારવા માટે કામ કરી રહી છે. આ કેસ ભારતની બેંકિંગ વ્યવસ્થા અને નાણાકીય શિસ્ત માટે એક મહત્ત્વનો પાઠ છે, અને ચોક્સીની ધરપકડથી ન્યાયની આશા વધી છે.

## ત્રણ દિવસ ગરમીમાં રાહત થયા બાદ કાલથી તાપમાનમાં વધારો થવાની આગાહી

■ અનેક સ્થળોએ હિટવેવ સાથે ૪૨થી ૪૪ ડિગ્રી સુધી તાપમાન પહોંચી જવાનાં નિર્દેશો



**મુખ્ય સમાચાર,અમદાવાદ**

ત્રણ ચાર દિવસ ગરમીમાં રાહત રહ્યા બાદ હવામાન વિભાગે ફરી આવતીકાલથી તાપમાનમાં વધારો થવાની આગાહી કરી છે અને અનેક સ્થળોએ હિટવેવ સાથે ૪૨થી ૪૪ ડિગ્રી સુધી તાપમાન પહોંચી જવાનાં નિર્દેશો આપેલા છે.

દરમ્યાન ગઈકાલે રાજકોટમાં ૪૨.૭ ડિગ્રી, હાઈએસ્ટ સાથે છ સ્થળોએ તાપમાન ૪૦થી ૪૨ ડિગ્રી ઉપર નોંધાયુ હતું. જેમાં અમદાવાદમાં ૪૧.૬, અમરેલીમાં ૪૨, ભુજમાં ૪૦.૯, ડિસામાં ૪૦.૨ તથા ગાંધીનગરમાં ૪૧.૫ ડિગ્રી મહતમ તાપમાન નોંધાયુ હતું. જયારે દરિયાકાંઠાના વિસ્તારોમાં તાપમાન ૩૦થી ૩૭ ડિગ્રી વચ્ચે નોંધાવા પામ્યુ હતું. દરમ્યાન આજે સવારનાં ભાગે ધોરાજી સહિતના અમૂક વિસ્તારોમાં ઝાકળ પણ છવાયું હતું. તેમજ જામનગરમાં છેલ્લા ૨૪ કલાકમાં મહતમ તાપમાનનો પારો ૨ ડિગ્રી નીચે સરકીને ૩૪.૬ ડીગ્રી પહોંચી ગયો હતો તો લઘુતમ તાપમાન ૨૪ ડિગ્રી નોંધાયુ હતું. જયારે પવનની ગતિ પ્રતિ કલાક ૧૧.૪ કી.મી. અને શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૨ ટકા નોંધાયુ હતું.

## રૂ. ૫૦ લાખથી વધુની મિલકતની ખરીદી કે વેંચાણ પર નિયમો બદલાયા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

આ વર્ષનું બજેટ એક રીતે આશ્ચર્યજનક બજેટ હતું. આમાં મધ્યમ વર્ગને ઘણી રાહત આપવામાં આવી છે. નાણામંત્રીએ વાર્ષિક ૧૨ લાખ રૂપિયા સુધીની કમાણી કરનારાઓ માટે આવકવેરા શૂન્ય કરી દીધો છે. આ સાથે, ભારત સરકારે મિલકતના સોદાઓમાં કરચોરી અટકાવવા માટે નાણાકીય અધિનિયમ ૨૦૨૫ માં મોટો ફેરફાર કર્યો છે. આ ફેરફાર મિલકતના વેચાણ પરના ઝઉજ (ટેક્સ ડિડક્ટેડ એટ સોર્સ) સંબંધિત છે.

ફાઈનાન્સ એક્ટ ૨૦૨૫ એ મિલકત સંબંધિત સોદાઓમાં પણ મહત્વપૂર્ણ ફેરફાર કર્યા છે. ૫૦ લાખ રૂપિયાથી વધુ કિંમતની મિલકત ખરીદવા પર એક ટકા (૧% ટીડીએસ) ટીડીએસ કાપવાની જોગવાઈ પહેલાથી જ છે. આ રકમ ખરીદનાર દ્વારા વેચાણકર્તા પક્ષને ચુકવણી કરતી વખતે કાપવાની રહેશે. આ રકમ આવકવેરા વિભાગમાં જમા કરાવવાની રહેશે. જોકે, પહેલા આમાં છૂટ હતી. સંયુક્ત માલિકો અથવા સંયુક્ત ખરીદદારોના કિસ્સામાં આમાંથી મુક્તિ આપવામાં આવે છે.

જો કોઈ મિલકત એક કરતાં વધુ વ્યક્તિઓ (સંયુક્ત માલિકો) ની માલિકીની હોય, અને દરેક માલિકનો હિસ્સો રૂ.૫૦ લાખથી ઓછો હોય, તો ખરીદદારોએ ઝઉજ કાપવાની જરૂર નહોતી. તેઓ કહેતા હતા કે ઝઉજ લાગુ પડતો નથી કારણ કે દરેક વેચનારનો હિસ્સો મર્યાદા કરતા ઓછો છે, ભલે મિલકતની કુલ કિંમત રૂ.૫૦ લાખથી વધુ હોય.




નવો નિયમ આ ખામીને દૂર કરે છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ થી, ઝઉજ ની ગણતરી મિલકતના સમગ્ર મૂલ્ય પર કરવામાં આવશે, દરેક સહપ્રમાલિકના હિસ્સા પર નહીં. જો કુલ વેચાણ મૂલ્ય રૂ.૫૦ લાખથી વધુ હોય, તો સમગ્ર રકમ પર ૧% ઝઉજ કાપવાની જરૂર છે. જો મિલકતમાં એક કરતાં વધુ માલિકો અથવા એક કરતાં વધુ ખરીદદારો હોય તો પણ આ નિયમ લાગુ પડશે. આ નિયમ ખેતીની જમીન સિવાયની બધી મિલકતોના વેચાણ પર લાગુ પડે છે.''

## બેંકોએ ગેરકાયદેસર વ્યવહારોમાં સામેલ ખાતાઓને જપ્ત કરવાનો અધિકાર માંગ્યો

### છેતરપિંડી કરનારાઓ ઝડપથી નવા એકાઉન્ટ બનાવવા માટે સિસ્ટમમાં રહેલી છટકબારીઓનો લાભ લે છે

**મુખ્ય સમાચાર,મુંબઈ**

નકલી ખાતાઓ દ્વારા સાયબર છેતરપિંડી રોકવા માટે, બેંકોએ ગેરકાયદેસર વ્યવહારોમાં સામેલ ખાતાઓને જપ્ત કરવાનો અધિકાર માંગ્યો છે. તેમનું કહેવું છે કે સત્તાવાળાઓ પાસેથી પરવાનગી મેળવવામાં કિંમતી સમય બગાડ્યા વિના ઝડપી પગલાં લેવા માટે આ જરૂરી છે.

બેંકો આંતરિક કારણોના આધારે ખાતા ફ્રીઝ કરે છે. જો કે, એન્ટી મની લોન્ડરિંગ એક્ટ (ઙખકઅ) મુજબ, તેમની પાસે કોર્ટ અથવા કાયદા અમલીકરણ એજન્સીઓ (કઊઅ) ની મંજૂરી લીધા વિના ગ્રાહકના ખાતા ફ્રીઝ કરવાની સત્તા નથી.

બેંક્સ એસોસિએશનના એક કાર્યકારી ગ્રુપે તેના અહેવાલમાં જણાવ્યું હતું કે, ''આને ધ્યાનમાં રાખીને, અમે આરબીઆઈને આ અંગે વધુ વિચાર કરવા માટે સૂચન કરી શકીએ છીએ.'' છેતરપિંડી કરનારાઓ નકલી ખાતાઓનો ઉપયોગ બેંકિંગ સિસ્ટમ દ્વારા ગેરકાયદેસર રીતે નાણાંની ઉચાપત કરવા માટે કરે છે. બેંકો દર વર્ષે આવા હજારો ખાતા જપ્ત કરે છે.

પરંતુ છેતરપિંડી કરનારાઓ ઝડપથી નવા એકાઉન્ટ બનાવવા માટે સિસ્ટમમાં રહેલી છટકબારીઓનો લાભ લે છે.બેંકોએ પરમેનન્ટ એકાઉન્ટ નંબર અથવા ઙઅગની ગેરહાજરીમાં મતદાર આઈડી કાર્ડ અને ફોર્મ ૬૦નો




ઉપયોગ કરીને ખાતા ખોલનારા વ્યક્તિઓને ચકાસવા માટે ચૂંટણી પંચના ડેટાનો ઉપયોગ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે અને આવા એકાઉન્ટ્સ પરના વ્યવહારોની સંખ્યા મર્યાદિત કરવા માટે પ્રસ્તાવ મૂક્યો છે. રિપોર્ટ સૂચવે છે કે અઈ અને મશીન લર્નિંગ (ખક) ને ટ્રાન્ઝેક્શન મોનિટરિંગ સિસ્ટમ્સમાં એકીકૃત કરી શકાય છે.

# ઉનાનાં ગ્રામ્ય વિસ્તારમાં ઘાતક હથિયારો સાથે છ ઝડપાયા

## ભુંડ પકડવા મોઢે બુકાની બાંધી નીકળતા છ સરદારજી વાહનોની નંબર પ્લેટમાં માટી લગાવતા હતા

**અબ્દુલ પઠાણ ઉના ગીર સોમનાથ**

ઉનાનાં સીલોજ,ડેશર ગામે ઘાતક હથિયાર સાથે ધુસી આવતાં બુકાની ધારી શખ્શોનાં આતંકનાં એહવાલ બાદ પોલીસ સજાગ બની હોય તેમ જુનાગઢ રેન્જ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા ગીર સોમનાથ પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા ઉના નાયબ પોલીસ અધિક્ષક એમ.એફ.ચૌધરી દ્વારા આવાં ભુંડ પકડવા રાત્રિના ગ્રામ્ય વિસ્તારોમાં ધુસી જતાં અસમાજિક તત્વો ને તાત્કાલિક પકડીને કાયદેસર કાર્યવાહી કરવાં ઉના તાલુકાના ગ્રામ્ય વિસ્તારો અને શહેરી વિસ્તારમાં રાત્રી દરમ્યાન અસરકારક પેટ્રોલિંગ કરી ગ્રામ્ય વિસ્તારમાં અજાણ્યા હથીયાર તથા બુકાનીધારી શખ્શો કારની નંબર પ્લેટમાં માટી લગાવી લોકોમાં ડર તથા ભયનો માહોલ ઉભો કરતા હોય તેવા આ ભુંડ પકડતી ટોળકી ને પકડી પાડેલ છે.

ગીર સોમનાથ જિલ્લા એલ.સી.બી. ઈ.ચા.પોલીસ ઈન્સપેકટર, પો.સબ.ઈન્સ એ.સી.સીંધવ અને એલ.સી.બી. ટીમને તેમજ ઉના પો.સ્ટેના પોલીસ ઈન્સ્પેકટર એમ એન રાણાએ સર્વેલન્સ સ્ટાફ એ સંયુક્ત રીતે ટીમો બનાવી પેટ્રોલિંગ હાથ ધરતાં લામધાર પાટીયા નજીક આવેલ ડી.એસ.સી.સ્કુલ નજીક બાતમી હકીકત આધારે વાયરલ થયેલ વીડીયો માં દેખાતી ટોયોટા ઈનોવા કાર જીજે-૧૮-અઈ- ૯૨૫૨ માં હથીયાર સાથે રાખી નીકળતા તેમજ ઉના પોલીસ સર્વેલન્સ સ્ટાફ દ્વારા દેલવાડા ગામે પેટ્રોલિંગ દરમ્યાન શંકાસ્પદ બોલેરો ગાડી ચેક કરતા જેના . જીજે-૧૫-ટટ-૦૭૩૮ નંબર ધરાવતી ગાડી માં ધારદાર હથીયાર ધારીયુ સાથે છ જેટલા શખ્શો મળી આવતા તેની પુછપરછ કરતા કે તમામ શખ્સો અલગ અલગ વિસ્તાર માંથી ભુંડ પકડવા આવેલ હોવાનું જણાવેલ.

ઉપરોક્ત ગામના આગેવાનોની રજુઆત તેમજ અખબારી એહવાલ અન્વયે આવા માથાભારે શખ્શો સામે કડક કાર્યવાહી કરી અને રાત્રીના સમયમાં પેટ્રોલિંગ પણ અસરકારક ચાલુ રાખતાં પોલીસ નાં સંયુક્ત ઓપરેશન બાદ રામુસીંગ સુલ્તાનસીંગ ટાંક શીખ સરદારજી રહે.વેરાવળસમસેરસીંગ ઉર્ફે સેરૂસીંગ કાલુસીંગ બાવરી શીખ સરદારજી રહે.

વેરાવળ ,વિરસીંગ કાલુસીંગ બાવરી શીખ સરદારજી રહે. વેરાવળ સોનુસીંગ હરનામસીંગ બાવરી શીખ સરદારજી રહે. વેરાવળ વિશાલભાઈ વિજયભાઈ સોલંકી રહે.વેરાવળ ,કાનાભાઈ લખમણભાઈ મેળોદા ખાંટ દરબાર રહે.વેરાવળ વાળા ને પકડી પાડી તેની પાસે થી ટોયોટા ઈનોવા કાળા કલરની રજી. નં. જીજે-૧૮-અઈ-૯૨૫૨ વાળી ફોર વ્હીલ કાર કી.રૂ.૧,૦૦,૦૦૦/-(૨) લોખંડના પાઈપ નંગ-૨ જે એક પાઈપની કી.રૂ.૫૦/- મળી કુલ કી.રૂ.૧૦૦/- (૩) એલ્યુમીનીયમનો પાઈપ નંગ-૧ કી.રૂ.૧૦૦/- (૪) સ્ટીલની પટ્ટી નંગ-૧ કી.રૂ.૧૦૦/- એમ કુલ-૪ હથીયારની કી.રૂ.૩૦૦/- તથા ફોર વ્હીલ મળી.

કુલ કી.રૂ.૧,૦૦,૩૦૦/મુદ્દામાલ કબ્જે કરેલ કરીને એલ.સી.બી.ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર એ.બી.જાડેજા તથા પો.સબ.ઈન્સ. એ.સી.સીંધવ તથા એલ.સી.બી.એ.એસ.આઈ.સુભાષભાઈ ચાવડા તથા પો.હેડ.કોન્સ.પ્રવિણભાઈ મોરી તથા તથા રાજુભાઈ ગઢીયા તથા ગોવિંદસિંહ વાળા તથા કમલેશભાઈ પીઠીયા તથા પો.કોન્સ ધર્મેન્દ્રસિંહ ગોહીલ તેમજ ઉના સર્વેલન્સ સ્ટાફ દ્વારા પકડેલ ઈસમ- ધરમપાલસીંગ જીતસીંગ રાઠોડ રહે.ઉના વાળા પાસેથી મહીન્દ્ર બોલેરો રજી નં. જીજે-૧૫-ટટ-૦૭૩૮ કી.રૂ.૨,૦૦,૦૦૦/- (૨) હથીયાર ધારીયુ



કી.રૂ.૫૦/-એમ એક હથીયાર તથા મહીન્દ્ર બોલોરો એમ કુલ કિ.રૂ.૨,૦૦,૦૫૦/-કબ્જે કરેલ ઉના પો.સ્ટે.પોલીસ ઈન્સ્પેકટર એમ.એન.રાણા તથા એ.એસ.આઈ. જોરૂભા મકવાણા તથા પો.હેડ.કોન્સ.શાંતિલાલ સોલંકી તથા નાનજીભાઈ ચારણીયા તથા પો.કોન્સ.વિજયભાઈ રામ તથા અનિલભાઈ જાદવ તથા રવિસિંહ ગોહીલ તથા સુનીલભાઈ બાંભણીયા તથા ભાવસિંહ પરમાર દ્વારા કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરમાં બાબા સાહેબ આંબેડકરની ૧૩૪મી જન્મ જયંતિની ભવ્ય ઉજવણી



૧૪ એપ્રિલે સમગ્ર દેશમાં બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતિ ઉજવવામાં આવશે. ૧૩૪ વર્ષ પહેલા ભારતના બંધારણના ઘડવૈયા ડો. ભીમરાવ રામજી આંબેડકરનો જન્મ થયો હતો. જેમણે ભારતનું બંધારણ ઘડ્યું અને દેશને એક નવી સિદ્ધિ તરફ જવા માટે માર્ગ બતાવ્યો. તેમની ૧૩૪ મી જન્મજયંતી નિમિત્તે અમદાવાદ ખાતે ૪૩ મી મહાનગર યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જામનગરમાં બાબા સાહેબ આંબેડકરની ૧૩૪મી જન્મજયંતી જામનગરમાં જયભીમ શેરી નંબર ૨માં ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.બાબાસાહેબની પુષ્પાંજલિ અર્પણ કરીને સ્થાનિક યુવાનોને અને લતાવાસિયોં દ્વારા જય ભીમના નારા લગાવ્યા હતા.

# વાઈબ્રન્ટ બિલ્ડકોન એક્સપો-દિલ્હીમાં લિવોલા ગ્રેનાઈટોના સ્ટોલની મુલાકાત લેતા મોરબી સિરામિક એસો.પ્રમુખ

## એસોસિએશનના વર્તમાન અને ભૂતપૂર્વ હોદ્દેદારોએ એક્સપોમાં લિવોલા ગ્રેનાઇટોની ટીમને શુભેચ્છા પાઠવી

**મુખ્ય સમાચાર,મોરબી**

નવી દિલ્હી ખાતે આજથી શરૂ થયેલા વાયબ્રન્ટ બિલ્ડકોન એક્સપોમાં લિવોલા ગ્રેનાઇટો સ્ટોલની મોરબી સિરામિક એસોસિએશનના વર્તમાન અને ભૂતપૂર્વ હોદ્દેદારોએ મુલાકાત લઈ લિવોલા ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી. નવી દિલ્હીના યશોભૂમિ કન્વેન્શન સેન્ટર ખાતે દેશના સૌથી મોટા બિલ્ડિંગ મટીરીયલ અને કન્સ્ટ્રકશન એક્સપો બ્લુઝોન પ્રેઝન્ટ પવાયબ્રન્ટ બિલ્ડકોન-૨૦૨૫થનું ઉદઘાટન આજે સવારે કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલ દ્વારા કરવામાં આવ્યું છે. આ વેળાએ બોલિવૂડ અભિનેતા અને એક્સપોના



બ્રાન્ડ એમ્બેસેડર એવા સુનિલ શેટ્ટીની પણ પ્રેરણાદાયી ઉપસ્થિતિ રહી હતી.

મોરબી સિરામિક એસોસિએશનના પૂર્વ પ્રમુખો કિરીટભાઈ પટેલ, વિનોદભાઈ ભાડજા, મુકેશભાઈ કુંડારીયા તેમજ હાલના પ્રમુખ સંદીપભાઈ કુંડારિયા અને હરેશભાઈ બોપલીયા, ઉપપ્રમુખ સુરેશભાઈ પટેલ સહિતના એક્સપોની મુલાકાતે પધાર્યા હતા. આ દરમિયાન તેઓએ લિવોલા સ્ટોલની મુલાકાત લઈ લિવોલાના મેનેજીંગ ડિરેક્ટર વિનોદ અંબાણીને શુભેચ્છાઓ પાઠવી હતી.

# જામનગર લોઠીયા ગામમાં તળાવમાં ન્હાવા પડેલા બે યુવકોમાંથી એકનું મોત, એકને બચાવી લેવાયો



જામનગર તાલુકાના લોઠીયા ગામમાં આજે એક કરૂણ ઘટના સામે આવી છે. તળાવમાં ન્હાવા પડેલા બે યુવકોમાંથી એક યુવકનું મોત નિપજ્યું છે. મૃતક યુવકની ઓળખ મહેશ કરશનભાઈ ડાભી (ઉ.વ.૨૮) તરીકે થઈ છે.બનાવની વિગતો મુજબ, બે યુવકો લોઠીયા ગામના તળાવમાં ન્હાવા પડ્યા હતા. આ દરમિયાન મહેશ ડાભી પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. જ્યારે બીજા યુવકને બચાવી લેવામાં સફળતા મળી હતી. ઘટનાની જાણ થતાં જ જામનગર ફાયર બ્રિગેડ, ૧૦૮ એમ્બ્યુલન્સ અને પોલીસ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.ફાયર બ્રિગેડના જવાનોએ કલાકોની જહેમત બાદ મહેશ ડાભીના મૃતદેહને બહાર કાઢ્યો હતો. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો

# જામનગરમાં કથીત પત્રકારોની ટોળકી સામે નાણા પડાવી લેવા અંગેની વધુ ત્રણ ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર જિલ્લાના લાલપુર અને ફલ્લામાં પ્રેસના નામે તોડ કરતી ટોળકી સામે અલગ અલગ બે ગુના નોંધવામાં આવ્યા હતા, જે પ્રકારના વધુ ત્રણ ગુન્હા ધ્રોળ અને જોડીયા પોલીસ મથકમાં નોંધાયા છે.ધ્રોલમાં લૈંયારા ગામમાં એક જેસીબી ચાલક પાસેથી ખાણ ખનીજ ખાતાના અધિકારીની ઓળખ આપી રૂ.૧૦,૦૦૦ પડાવી લીધાનું જાહેર થયું છે, તેમજ જોડિયા તાલુકાના કુન્નડ અને હડિયાણા ગામમાં બે વ્યક્તિ પાસેથી રૂ.૧૫,૦૦૦નો તોડ કર્યાનું પણ સામે આવ્યું છે. જે અંગે બે ગુન્હા દાખલ કરાયા છે.ધ્રોળ તાલુકાના લૈંયારા ગામમાં રહેતા અને જેસીબી મશીન ચલાવતા ધર્મેન્દ્રસિંહ પ્રતાપસિંહ જાડેજાએ ધ્રોળ પોલીસ મથકમાં મુખ્ય સૂત્રધાર એવા પ્રવીણ કરસનભાઈ પરમાર ઉપરાંત વીરુબેન સવજીભાઈ પરમાર, ગીતાબેન પ્રવીણભાઈ ચાવડા, રાજેશ્રીબેન દીપકભાઈ ચૌહાણ અને જગદીશ હસમુખભાઈ સાંથેલા સામે પોતાની પાસેથી ખાણ ખનીજ ખાતાના અધિકારીના



નામે ખોટી ઓળખ આપી બળજબરીપૂર્વક ૧૦,૦૦૦ રૂપિયા પડાવી લીધાની ફરિયાદ નોંધાવી છે.

આ ઉપરાંત જોડિયામાં દલનોવાસ વિસ્તારમાં રહેતા મોતીભાઈ દેવાભાઈ ધ્રાંગીયાએ હડિયાણા ગામમાં તળાવમાં જેસીબી મારફતે માટી કાઢી રહ્યા હતા, જે દરમિયાન કરસનભાઈ પરમાર ઉપરાંત વૈશાલીબેન મનીષભાઈ ધામેચા જ્યોતિબેન હિંમતભાઈ મારકણા અને વીરુબેન સવજીભાઈ પરમાર એક કારમાં ધસી આવ્યા હતા, અને પોતાના મોબાઈલમાં વિડીયો ઉતારી લીધા બાદ તેને વાયરલ કરી યદેવાની ધમકી આપી પોતાની પાસેથી રૂપિયા દસ હજાર પડાવી લેવા અંગેની ફરિયાદ નોંધાવી છે.ત્યારબાદ જોડિયા તાલુકાના કુંન્નડ ગામમાં માટી કાઢવાનું કામ કરી રહેલા મંછાભાઈ જીવાભાઈ ધ્રાંગીયા નામના યુવાને પણ પોતાની પાસેથી પત્રકારના નામે માટીના ખોદકામના વિડીયો ઉતારી, વાયરલ કરવાની ધમકી આપીને રૂપિયા ૫,૦૦૦ પડાવી લેવા અંગે પ્રવીણ કરસનભાઈ પરમાર ઉપરાંત સવજીભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી છે.

# દિવથી પોસ્ટનાં પાર્સલ મારફત વિદેશી દારૂ ઉના મોકલવાનો પર્દાફાશ: ૧૯ બોટલ જપ્ત

**અબ્દુલ પઠાણ ઉના ગીર સોમનાથ**

જીલ્લા પોલીસ અધિક્ષક દ્વારા દીવ કેન્દ્ર શાસિત પ્રદેશ અને ઉના વિસ્તારમાં પ્રસાર થતાં વાહનો નું કડક ચેકીગ કરવાં સુચનાઓ આપતાં કેન્દ્ર શાસિત પોષ્ટ ઓફીસ મારફતે પાર્સલ દ્વારા દારૂ ની બોટલો મોકલાતી હોવાનું પોલીસ એ પર્દાફાશ કરતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર ફેલાઈ છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ઉના પોલીસ ઈન્સ્પેકટર એમ.એન.રાણા દ્વારા સર્વેલન્સ સ્કોર્ડના પોલીસના માણસોની ટીમો બનાવી પ્રોહી-જુગારના પ્રવૃતિ કરતા શખ્સો ને ઝડપી પાડવા માર્ગદર્શન આપેલ અને સર્વલન્સ સ્કોડના ઈન્ચાર્જ આર.પી.જાદવ તથા એ.એસ.આઈ.જોરૂભા મકવાણા હેડ.કોન્સ.શાંતિલાલ સોલંકી નાનજીભાઈ ચારણીયા, પો.કોન્સ.વિજયભાઈ રામ, રવિસિંહ ગોહીલ,અનિલભાઈ જાદવ સુનીલભાઈ બાંભણીયા, ભાવસિંહ પરમાર સહિત નો પો.સ્ટાફ ઉના પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો. બાતમી આધારે , કેન્દ્રશાશીત પ્રદેશ દિવમાથી ઉના તરફ આવતી એકટીવા નં- જી જે ૩૨બી.બી -૭૨૬૨ રોકાવી તલાસી લેતાં ભારતીય બનાવટનો વિદેશી દારૂની બોટલો પો.સ્ટ ઓફીસના માર્કા વાળા થેલા ના પાર્સલ માં લવાતો હોવાનું જાણવા મળતાં પોલીસે ઊના નાં દેલવાડા નજીક મો.સા. એકટીવા રોકાવી તલાસી લેતા પોસ્ટ ઓફિસ નાં ઠેલા માં પુઠાના બોકસમા પેક પો.સ્ટ ઓફીસ નુ પાર્સલ હોય જેને ખોલતાં ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો મળી આવતા દારૂના જથ્થાની હેરા-ફેરી ના ઉપયોગમાં લીધેલ વાહન તથા પ્રોહી મુદામાલ સાથે મળી આવતાં આરોપી નયનભાઈ ધીરજલાલ જેઠવા (મોચી) ઉવ.૩૪ ધંધો-મજુરી રહે. ઉના ઠે.વરસિંગ પુર



રોડ સમીર ગેસ એજન્સી સામે તા-ઉના વાળાની પુછ પરછ કરતા આ દારૂ નો જથ્થો દિવ કેન્દ્ર શાસિત પ્રદેશ ની પોસ્ટ ઓફિસ ના પોસ્ટ માસ્તર તરીકે ફરજ બજાવતા મયુરભાઈ બેચરભાઈ ગોહીલ ની મદદથી દિવમાથી દારૂ પાર્સલ મારફતે ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ અલગ પ્રકારની બોટલો નંગ -૧૯ જેની કુલ કિ.રૂ.૩૫૧૭/-તથા હોન્ડા કંપનીની એકટીવા મોડેલની મોસા જેના રજી નંબર જોતા જી.જે.૩૨.બીબી-૭૨૬૨ વાળી જેની કિ.રૂ-૩૦,૦૦૦/-મળી આવતા બન્ને વિરૂધ્ધમાં પ્રોહિબિશન હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

દારૂ નાં ખેપીયા નવતર પ્રયોગ હાથ ધર્યો હોય તેમ દીવ પોસ્ટ ઓફિસ નાં પાર્સલ મારફતે પોસ્ટ માસ્ટર ની મદદથી આવી ગુન્હાહિત પ્રવૃત્તિ શરૂ કરતાજ પોલીસ ચોકી ઉઠી હતી અને આખરે પર્દાફાશ થતાં આ બાબતે પોસ્ટ ઓફિસ નાં કર્મચારીઓ માટે પણ શરમ જનક સ્થિતિ સર્જાઈ છે.

# પીએસઆઈ અરુણકુમાર મિશ્રાને મુખ્યમંત્રીનો પ્રશંસા પત્ર ડીજીપી વિકાસ સહાયના હસ્તે એનાયત

## મોરબી શહેરમાં ગરીબોને ધાબળા ઓઢાડીને માનવતાનું જીવંત ઉદાહરણ પૂરૂં પાડનારા પીએસઆઈ અરૂણકુમાર મિશ્રાના કાર્યને બિરદાવાયું

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી તાલુકા પોલીસ મથકના પીએસઆઈ અરુણકુમાર મિશ્રાને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા મોકલવામાં આવેલ પ્રશંસાપત્ર રાજ્યના પોલીસ મહાનિર્દેશક વિકાસ સહાયના હસ્તે એનાયત કરાયો હતો. શહેરના મુખ્ય માર્ગો પર શિયાળાની રાત્રે ગરીબો, અનાથો અને ભિક્ષુકોને ધાબળા ઓઢાડીને એમણે માનવતાની ભાવના જાગૃત કરી, જે માટે તેમને આ પ્રતિષ્ઠિત સન્માન મળ્યું હતું.

મોરબી શહેરના ગરીબો, અનાથો અને ભિક્ષુક લોકો માટે શિયાળાની ઠંડીની રાત્રીઓ વધુ માનવતાભરી બની જ્યારે પીએસઆઈ અરુણકુમાર મિશ્રાએ દુકાનના ઓટલા પર સૂતા ગરીબો, અનાથો અને ભિક્ષુકોને ધાબળા અને સાલ ઓઢાડવાનું સેવાકાર્ય કર્યું હતું. આ સેવાકાર્ય રાજય સ્તરે નોંધપાત્ર બન્યું હતું. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પીએસઆઈ મિશ્રાને પત્ર લખી આ સરાહનીય સેવાકાર્ય માટે પ્રશંસા વ્યક્ત કરી હતી. પત્રમાં મુખ્યમંત્રીએ ભારતીય સંસ્કૃતિમાં રહેલા પસેવા પરમો ધર્મ:થના તત્વની ચર્ચા કરી અને કહ્યું કે આ સેવા પસ્વાન્તઃ સુખાયથની ભાવના અનુસાર છે, જેમ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ પોતાની વ્યાખ્યા આપી છે. તેમણે ઉમેર્યું કે પોલીસ વિભાગની આવી પ્રવૃત્તિઓ પોલીસ અને સમાજ વચ્ચે વિશ્વાસ અને મિત્રતાનું વાતાવરણ ઊભું કરે છે.

આ પ્રસંગે રાજ્યના પોલીસ મહાનિર્દેશક વિકાસ સહાયના હસ્તે પીએસઆઈ અરુણકુમાર મિશ્રાને આ પ્રશંસાપત્ર એનાયત કરવામાં આવ્યો હતો. સમારંભમાં તેમની સેવા અભિગમની સરાહના થઈ હતી અને તેમને સન્માનિત કર્યા બાદ ઉપસ્થિત અધિકારીઓ અને સહકર્મીઓએ પણ અરુણકુમાર મિશ્રાને બિરદાવ્યા હતા.



# જામનગર શહેરમાં દેશી દારૂ અંગેના વેચાણમાં ૧૪ મહિલા બુટલેગરો ઝડપાઈ

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર શહેરના સીટી સી. ડીવી પોલીસ પો.સ્ટે.વિસ્તાર હેઠળ ના જાગૃતીનગર, વુલનમીલ ફાટક ખુલ્લી ફાટક , ગણપતનગર, બાવરીવાસમા દેશી દારૂ દુષણ દુર કરવા માટે જામનગર સીટી ડીવીઝન પોલીસ સ્ટેશનના એ ડીવીઝન, બી ડીવીઝન અને સી ડીવીઝન પોલીસ સ્ટાફના માણસો તથા એલ.સી.બી તથા એસ.ઓ.જી ના પોલીસ સ્ટાફના માણસો અને અધિકારી સાથે રાખીને દરોડા પાડવામાં આવ્યા હતા. આ વિસ્તારમાં ચાલતી દેશી દારૂ બનાવટ અને વેચાણ અંગે કોમ્બીંગ હાથ ધરી એક સાથે ૩૫ સ્થળો ઉપર દરોડા પાડવા આવ્યા હતાં. જેમાથી ૧૪.સ્થળો ઉપર ગે.કા દેશી દારૂની પ્રવૃતી નજરે ચડી હતી. પોલીસે કુલ દેશી દારૂ લીટર - ૧૦૦. કિ.રૂ.૨૦,૦૦૦.તથા દેશી બનાવવાનો દારૂનો કાચો આથો લીટર - ૧૭૦.કિ.રૂ.૪૨૫૦.નો મુદામાલ કબજે લીધો હતો. અને ગોદાવરીબેન પ્રવિણભાઈ ચૌહાણ રહે જાગૃતીનગર બાવરીવાસ



જમનાબેન ધનર્સિંગ ડાભી (રહે ખુલ્લી ફાટક બાવરીવાસ મોહીનીબેન લક્ષ્મણભાઈ ડાભી રહે.હુલરમીલ ફાટક બાવરીવાસ આરતીબેન જસરાજભાઈ ડાભી રહે. ખુલ્લી ફાટક), ગોદાવરીબેન રાજેશભાઈ માલપરા રહે,જાગૃતીનગર બાવરીવાસ, શોભનાબેન કાનાભાઈ માલપરા રહે . જાગૃતીનગર, વર્ષાબેન લખનભાઈ કોળી રહે,જાગૃતીનગર બાવરીવાસ, ચાંદનીબેન રામસ્વરૂપ પરમાર રહે.હુલરમીલ ફાટક બાવરીવાસ વિરુબેન માઘાભાઈ પરમાર રહે.દિજામ પુલ નીચે બાવરીવાસ શોભનાબેન જીવણભાઈ પરમાર રહે જોગણીનગર બાવરીવાસ. સીલાબેન સુરજભાઈ ડાભી રહે ખુલ્લી ફાટક બાવરીવાસ ગીતાબેન રાહુલભાઈ ડાભી રહે. ખુલ્લી ફાટક બાવરીવાસ સવીતાબેન રાઘેભાઈ બાવરી રહે .વુલરમીલ ફાટક બાવરીવાસ અને સોનલબેન રાજેશભાઈ વઢીયાર.રહે. ખુલ્લી ફાટક બાવરીવાસ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે

# મોરબીમાં શકત શનાળા ગામે પ્લોટ વિસ્તારમાં વિદેશી દારૂથી ભરેલી ક્રેટા કાર મળી આવી

■ **પોલીસે કારમાંથી ૨.૭૩ લાખના દારૂનો જથ્થો કબ્જે કર્યો,આરોપીઓની શોધખોળ**

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના શકત શનાળા ગામે સીટી એ ડિવિઝન પોલીસે પૂર્વ બાતમીને આધારે રેઈડ કરી હતી, જેમાં પ્લોટ વિસ્તારમાં ઉભેલી ક્રેટા કારમાંથી વિદેશી દારૂની ૨૮૮ નંગ બોટલ મળી આવતા, પોલીસે કાર સહિત કુલ કિ.રૂ.૭.૭૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન બાતમી મળી કે શકત શનાળા પ્લોટ વિસ્તારમાં રેઢી પડેલી એક કાળા કલરના કાચવાળી ક્રેટા કાર રજી.નં. જીજે-૩૬-એલ-૯૧૭૯માં વિદેશી દારૂની તીવ્ર ગંધ આવે છે. જેથી તુરંત પોલીસે ઉપરોક્ત સ્થળે રેઈડ કરી હતી, ત્યારે રેઢી પડેલી કારની તલાસી લેતા તેમાથી વિદેશી દારૂની વિવિધ બ્રાન્ડની ૨૮૮ નંગ બોટલ કિ.રૂ.૨,૭૩,૫૭૬/- મળી આવી હતી, જેથી એ ડિવિઝન પોલીસે ક્રેટા કાર કિ.રૂ.૫ લાખ તથા વિદેશી દારૂનો જથ્થો એમ કુલ રૂ.૭,૭૩,૫૭૬/-નો મુદ્દામાલ જપ્ત કરી અજાણ્યા આરોપીઓ વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે. હાલ પોલીસે ક્રેટા કાર રજી. નંબર આધારે આરોપીઓના સગડ મેળવવા તપાસ ના ચક્રો ગતિમાન કર્યા છે.

# ઉનાનાં નવાબંદર ગામે રૂા. ૬.૯૩ કરોડના વિવિધ વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરાયું

**અબ્દુલ પઠાણ ઉના ગીર સોમનાથ**

ઉના તાલુકાના નવાબંદર થી દેલવાડા* ગામ તરફ જતા રસ્તા બાબતે નવાબંદર ગામના સરપંચશ્રી તેમજ ગ્રામજનો દ્વારા આ બાબતે અવાર નવાર રજુઆત ઉનાના સક્રિય ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડને કરતા આ રજુઆત ને ધ્યાને રાખીને ઉનાના વિકાસશીલ ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડ* એ સરકારશ્રી માં રજુઆત કરતા ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબની* સરકાર એ દેલવાડા થી નવાબંદર સુધી ના રસ્તાને ૩૫ ફૂટ પહોળો તેમજ ૫ કિલોમીટર સુધી લાંબો આ રસ્તાની મંજૂરી મળતા આજરોજ નવાબંદર ગામે (૧)રૂ.૬ કરોડ ૮૪ લાખના તૈયાર થનાર ડામર રોડનું કામ*(૨) રૂ.૫ લાખના ખર્ચે બનનાર જાહેર ચૌશાલય (યુરિનલ) નું કામ (૩) રૂ. ૪ લાખના ખર્ચે તૈયાર



થનાર સ્નાન ઘાટનું કામ આ ત્રણેય વિકાસના કામોનું ખાતમુહૂર્ત ઉનાના સક્રિય ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડના વરદ હસ્તે* કરવામાં આવ્યું. આ તકે તેઓની સાથે જીલ્લા ભાજપ ઉપપ્રમુખશ્રી રાજુભાઈ ડાભી, સરપંચશ્રી સોમવારભાઈ મજેઠીયા, ઉપસરપંચશ્રી હરકિશનભાઈ સોલંકી, જીલ્લા પંચાયત ના સદસ્યના પ્રતિનિધિશ્રી બાબુભાઈ બાંભણીયા, કોળી સમાજના પટેલશ્રી જીજ્ઞેશભાઈ, ખારવા સમાજના પટેલશ્રી નરેશભાઈ, વણાકબારીયા સમાજના પટેલશ્રી ભરતભાઈ, મુસ્લિમ સમાજના પટેલશ્રી આરીફભાઈ, દલિત સમાજના પટેલશ્રી લાલજીભાઈ, બોટ એસોસિએશન ના પ્રમુખશ્રી ડાયાભાઈ કરશનભાઈ, તુરક સમાજના પટેલશ્રી સીદીકભાઈ, સિદીભાઈ હાસમભાઈ, યાસીનભાઈ મુસા, શાંતિભાઈ રામાભાઈ, યુનુસભાઈ બક્ષુ, દેલવાડા ગામના આગેવાનશ્રી ચનુભાઈ બાંભણીયા, રાહુલભાઈ બાંભણીયા સહિતના આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતીની ભાવસભર ઉજવણીઃ શોભાયાત્રા નિકળી





(તસ્વીરઃ આનંદ જાવિયા)







આજે ડો આંબેડકરની ૧૩૪ મી જન્મ જયંતી ધામધૂમથી ઉજવવામાં માટે ડો આંબેડકર જન્મ જયંતી સમિતિ દ્વારા તડામાર તૈયારીઓ કરાઈ હતી . આ પ્રસંગે રાજકોટ શહેર ના જુદા જુદા વિસ્તારોમાં બેનરો લગાવી રોશનીનો ઝગમગાટ કરવામાં આવેલ છે. આજે સવારના આઠ વાગ્યાથી ડો બાબા સાહેબ આંબેડકરની વિશાળ અને મોટી સંખ્યામાં રેલીનું આયોજન કરવામાં આવેલ હતું આજે આ આ રેલી શહેરના કાલાવડ રોડ મહિલા કોલેજ ચોક કિસાનપરા ચોક તેમજ રેસકોસ રોડ પર ફરી હતી બંધારણના ઘડવૈયા ડો બાબા સાહેબ આંબેડકર ના ભેદી નારાથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. આજે ભાજપના ભાજપના સાંસદો ધારાસભ્યોને મહાનગરપાલિકાના પદાધિકારીઓ દ્વારા હોસ્પિટલ ચોક ખાતે આવેલ બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ફલહાર કર્યા હતા વધુમાં શહેર ભાજપના હોદ્દેદારો દ્વારા કેક કટીંગ કરી આ જન્મ જયંતિ ની ઉજવણી કરાઈ હતી. ઉલ્લેખનીયછે કે રાજકોટ સહિત સૌરાષ્ટ્ર–કચ્છમાં આજે બંધારણના ઘડવૈયા ડો.બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી રહી છે. ડો.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા પુષ્પાંજલી, રેલી, ભજન સહિતના કાર્યક્રમોમાં જનમેદની ઉમટી પડી છે

# જિલ્લા પંચાયત ચોક પાસે રેલીના લોકો અને પોલીસ વચ્ચે બબાલ

## એસીપી રાધિકા ભરાઈ સહિતના ઉચ્ચ અધિકારીઓ દોડી આવ્યાઃ મામલો થાળે પાડી રેલી હોસ્પિટલ ચોક તરફ રવાના કરાઈ





(તસ્વીરઃ આનંદ જાવિયા)

આજે ૧૪ મી એપ્રિલ નો દિવસ એટલે પીડી તો શોષિત લોકો ના મસિહા ડોક્ટર બાબા સાહેબ આંબેડકર નો ૧૩૪ મે જન્મ જયંતી નિમિત્તે દેશભરમાં ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે રાજકોટ શહેરમાં અનુસૂચિત જાતિ ના લોકો દ્વારા ઠેર ઠેર જગ્યાએથી મોટી સંખ્યામાં રેલી નું આયોજન કરવામાં આવ્યું હોય અને આ રેલીના લોકો હોસ્પિટલ ચોક ખાતે આવેલ ડોક્ટર બાબા સાહેબ આંબેડકર ના સ્ટેચ્યુ પાસે પહોંચી બાદમાં રેલીનું વિસર્જન થતું હોય છે ત્યારે આજે સવારે રેસકોર્સ પાસે પંચાયત ચોકમાં રેલી પહોંચી હતી તે દરમિયાન કેટલાક લોકોને પોલીસ સાથે બબલ થયું હોવાના સમાચાર મળતા પોલીસના ઉચ્ચ અધિકારીઓ દોડી આવ્યા હતા. આ ઘટના કોઈ ગંભીર સ્વરૂપના ધારણ કરે તેના તકેદારીના પગલાં રૂપે પોલીસના ઊંચા અધિકારીઓ દ્વારા મામલો સ્થળે પાડવામાં આવ્યો હતો ત્યારબાદ રેલીને હોસ્પિટલ ચોક તરફ રવાના કરવામાં આવી હતી આ તકે કોઈ અન્ય બનાવ ન બને તે માટે રેલી સાથે પોલીસ કાફલો બંદોબસ્તમાં ગોઠવી લેવાયો હતો

# કેન્દ્રીય મંત્રી ડો. મનસુખભાઈ માંડવીયા દ્વારા જિલ્લા પંચાયત સીટવાઈઝ સેવાસેતુ કાર્યક્રમ યોજવાની પહેલ

## ધોરાજી તાલુકાના મોટી મારડ ગામમાં ૧૯ એપ્રિલે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે : ૧૫ ગામના નાગરિકો લાભ લઈ શકશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાત સરકારે વહીવટમાં પારદર્શિતા વધે અને લોકોને તમામ સેવાઓ એક જ સ્થળ ઉપર મળી રહે, તે હેતુસર ગ્રામ્યકક્ષાએ નસ્રસેવાસેતુસ્રસ્ર કાર્યક્રમ અમલમાં મૂક્યો છે. જેમાં કેન્દ્ર સરકાર અને રાજય સરકારના વિવિધ વિભાગની કુલ ૫૫ પ્રકારની સેવાઓનો લાભ નાગરિકોને સ્થળ પર જ આપવામાં આવે છે. ત્યારે કેન્દ્રીય મંત્રી ડો. મનસુખભાઈ માંડવીયાએ જિલ્લા પંચાયત સીટવાઈઝ સેવાસેતુ કાર્યક્રમ યોજવાની પહેલ હાથ ધરી છે.



જેના ભાગરૂપે પોરબંદર લોકસભા મત વિસ્તારની જિલ્લા પંચાયત સીટ મુજબના વિસ્તારમાં સમાવિષ્ટ ગામોના લોકો માટે સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ ધોરાજી તાલુકાના મોટી મારડ ગામમાં એચ. કે. વોરા હાઈસ્કુલ ખાતે આગામી તા. ૧૯ એપ્રિલ, ૨૦૨૫ના રોજ સવારે ૦૯ કલાકથી સાંજે ૦૫ કલાક સુધી સેવાસેતુ કાર્યક્રમ યોજાશે.

આ કાર્યક્રમમાં મોટી મારડ, ભાદાજાળીયા, પીપળીયા, ઉદકીયા, જમનાવડ, પાટણવાવ, ચીચોડ, નાની મારડ, હડમતીયા, નાગલખડા, ભાડેર, છત્રાસા, વેલારીયા, વાડોદર, કલાણા એમ કુલ ૧૫ ગામના નાગરિકો લાભ લઈ શકશે. આ સેવાસેતુ કાર્યક્રમની સાથેસાથે ગામમાં સ્વચ્છતા અભિયાન, મેડિકલ કેમ્પ, રક્તદાન શિબિર, સરપંચો સાથે સંવાદ, ગ્રામ સભા જેવા કાર્યક્રમો પણ યોજાશે, તેમ યાદીમાં જણાવાયું છે.

# સરગમ ક્લબની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

છેલ્લા ૪ દાયકા કરતા પણ વધુ સમયથી વિવિધ ક્ષેત્રે સેવા પ્રવૃત્તિ કરતી અને છેવાડાના લોકોને લાભ પહોંચાડતી સામાજિક સંસ્થા સરગમ કલબની વાર્ષિક સાધારણ સભામાં ૨૦૨૪ ૨૫ નાં વાર્ષિક હિસાબોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. આ સભામાં ગત વર્ષ દરમિયાન કરવામાં પ્રવૃતિઓનો ચિતાર આપવામાં આવ્યો હતો સાથોસાથ નવા વર્ષ દરમિયાન યોજાનારા કાર્યક્રમની માહિતી પણ આપવામાં આવી હતી. શહેરના પ્રબુદ્ધ નાગરિકો અને અગ્રણીઓની ઉપસ્થિતિમાં યોજાયેલી આ વાર્ષિક સાધરણ સભામાં સૌએ એકીઅવાજે સેવા પ્રવૃતિની બિરદાવી હતી અને તમામ કમિટી મેમ્બર્સને અભિનંદન આપ્યા હતા.

આ કાર્યક્રમમાં પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, શહેર ભાજપના પ્રમુખ માધવ દવે, ઉપરાંત શિક્ષણ શાસ્ત્રી ગિજુભાઈ ભરાડ, બિલ્ડર હરેશભાઈ લાખાણી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા

આ વાર્ષિક સાધારણ સભાને સંબોધન કરતા કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળાએ સરગમ પરિવારના સભ્યોને સરગમની પ્રવૃત્તિમાંથી પ્રેરણા લઈને જુદા જુદા ક્ષેત્રે સેવા કાર્યો કરવા અનુરોધ કર્યો હતો.

શિક્ષણ શાસ્ત્રી ગિજુભાઈ ભરાડે પોતાના સંબોધનમાં કહ્યું હતું કે આ સંસ્થાના માધ્યમથી સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં ગુણવંતભાઈ ડેલાવાળાએ પોતાનું જીવન ખર્ચી નાખ્યું છે. ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ કહ્યું હતું કે તમે સરગમમાં એક રૂપિયો આપશો તો તે સવારૂપિયાનું વળતર આપે છે. ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહે સરગમ ક્લબને રાજકોટનું નજરાણુ ગણાવી હતી.

આ સાધારણ સભામાં ભાજપના શહેર પ્રમુખ ડોક્ટર માધવ દવે સરગમ ક્લબને રાજકોટ કે સૌરાષ્ટ્રની નહીં પરંતુ સમગ્ર ગુજરાતની સર્વોત્તમ સંસ્થા ગણાવી હતી અને કહ્યું હતું કે સરગમની ટીમ સેવાની આહુતિ આપી રહી છે જે બિરદાવાલાયક છે. બિલ્ડર હરેશભાઈ લાખાણી એ પણ સરગમની પ્રવૃત્તિને બિરદાવી હતી.



સરગમ કલબના ખજાનચી સ્મિતભાઈ પટેલે સંસ્થાના હિસાબો રજૂ કર્યા હતા જેને સર્વાનુમતે બહાલી મળી હતી.

સામાન્ય સભાના પ્રારંભે સ્વાગત પ્રવચનમાં સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાએ જણાવ્યું હતું કે, ૨૦૨૫-૨૬ ના વર્ષમાં ૧૩ હજારથી વધુ સભ્યો સરગમ પરિવારમાં જોડાયા છે. જેમાં જેન્ટ્સ કલબમાં ૩૦૦, સીનીયર સીટીઝન કલબમાં ૧૩૦૦, લેડીઝ કલબમાં ૨૦૦૦, ચિલ્ડ્રન કલબમાં ૨૫૦૦, કપલ કલબમાં ૪૦૦૦ અને ઈવનિંગ પોસ્ટમાં ૧૨૦૦ સભ્યોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સરગમ પરિવારમાં ૧૦૦૦ જેટલા ડોનર, મીડિયા, બેન્કર, સરકારી અધિકારીઓ અને રાજકીય અગ્રણીઓ છે. સરગમ કલબ ૨૧૫ લોકોનો પગારદાર સ્ટાફ પણ ધરાવે છે.

# રાજકોટ આરટીઓ અધિકારીને રાષ્ટ્રીય કક્ષાનો રોડ સેફ્ટી એવોર્ડ અપાયો






ગાંધીનગરમાં આયોજિત ઓલ ઈન્ડિયન ફેડરેશન ઓફ મોટર વ્હીકલ ડિપાર્ટમેન્ટ દ્વારા યોજાયેલ રોડ સેફટી પ્રીમિયર ક્રિકેટ લિંગ અને રોડ સેફ્ટી એવોર્ડનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સમગ્ર દેશમાં રોડ સેફટી ને લગતી ઉત્કૃષ્ટ કામગીરી કરનાર અધિકારીઓને આ એવોર્ડ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા જેમાં રાજકોટ આરટીઓના અધિકારી કેતન ખપડે ને ૨૦૨૫ નો રાષ્ટ્રીય કક્ષાનો રોડ સેફટી એવોર્ડ આપવામાં આવ્યો હતો અને રોડ સેફ્ટી ને લગતી ઉત્કૃષ્ટ કામગીરી બદલ ાય એવોર્ડ આપવામાં આવ્યો હોય તેને સન્માનિત કરવામાં આવ્યા હતા

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ગોંડલના વેકરી ગામ પાસે યુવાનનો ઝેરી દવા પી આપઘાત

**મુખ્ય સમાચાર રાજકોટ**

ગોંડલ તાલુકાના વેકરી ગામની સીમમાં આવેલી વાડીએ ખેતમજુર યુવાને ઝેરી દવા પી તેના ભાઈને ફોન કરતા તેને સાવરાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડાયા બાદ તેનું સારવાર દરમિયાન મોત થયું હતું. યુવાને કયાં કારણસર આ પગલું ભરી લીધું તે અંગેનું કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ ઉત્તર પ્રદેશ હાલ ગોંડલ તાલુકાના વેકરી ગામની સીમમાં આવેલી વાડીએ ખેતમજુરીનું કામ કરનાર મનીષ માધુભાઈ મોરી (ઉ.વ. ૨૮) નામના યુવાને ગત તા. ૧૦/૪ના રાત્રીના વાડીમાં ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. દવા પીધા બાદ તેણે પોતાના ભાઈ રવીને ફોન કરી આ અંગે જાણ કરી હતી. જેથી તેનો ભાઈ તાકીદે અહીં પહોંચ્યો હતો અને યુવાનને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. અહીં સારવાર દરમિયાન યુવાને હોસ્પિટલ બીછાને દમ તોડી દીધો હતો. બનાવની જાણ થતા હોસ્પિટલ ચોકીના સ્ટાફે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃતક મનીષ બે ભાઈ ત્રણ બહેનના પરિવારમાં ત્રીજા નંબરે અને અપરિણીત હતો તે ખેતીકામ કરતો હતો. યુવાને ક્યાં કારણસર આ પગલું ભરી લીધું તે અંગેનું કારણ જાણવા પોલીસે તપાસ આદરી છે.

# પત્નીએ ખાધાખોરાકી મેળવવા પતિ વિરુદ્ધ કરેલી અરજી રદ; સગીરાનું ભરણપોષણ મંજુર

## પત્ની નોકરી કરતી હોવાનું સામે આવતા અદાલતનો મહત્વનો ચુકાદો

**મુખ્ય સમાચાર રાજકોટ**

દંપતી વચ્ચે ચાલતી ઘર કંકાસની તકરારમાં પત્નીએ પોતના અને સગીર પુત્રના ભરણપોષણ મેળવવા ફેમલી કોર્ટમાં અરજી કરી હતી. જેમાં ઉલટ તપાસમાં પત્ની નોકરી કરતી હોવાનું સામે આવતા અદાલતે પત્નીની અરજી ફગાવી દઈ પતિને સગીર પુત્રને માસિક રૂ. ૩૦૦૦ ભરણપોષણ પેટે ચૂકવવા હુકમ કર્યો હતો.

આ અંગેની માહિતી મુજબ શહેરનારેલનગરમાં રહેતા વિમલભાઈના લગ્ન ૨૦૦૭માં સંગીતાબેન સાથે થયા હતા. લગ્ન જીવનથી સંતાનમાં એક પુત્રનો જન્મ થયો હતો.લગ્નના થોડક સમય બાદ પરણિતા સાસરિયાઓ સાથે ઝઘડાઓ કરતી અને ઘરનું કામકાજ પણ ન કરતા હોય તેમજ પોતે નોકરી કરતા હોય ત્યારે ઘરે મોડેથી આવતા હોય જેથી પતિએ આ બાબતે પૂછતાં મારે જ્યારે આવું હશે ત્યારે આવીશથ એવો જવાબ દેતા હતા. પતિ સમજવતાં મારે તારી સાથે લગ્ન કરવા જ ન હતા આતો હું મારા માં-બાપને ના પાડી શકી નહિ. તેવું કહીને પતિને અપમાનિત કરતા હતા બાદ બાળકની સારસંભાળ રાખવા બાબતે પણ ઘરમાં ઝઘડો થતાં હતા. પરણિતા પતિ સાથે વારંવાર નાની વાતમાં ઝઘડાઓ કરી માવતર રિસામણે જતી રહી હતી. પરિવારજનોની સમાધાન કરી દંપતી અલગ રહેવા જતાં રહ્યા હોય ત્યારે અહીં પણ જે બાદ તેણીએ પતિ સામે પોતાનું અને ભરણપોષણ મેળવવા અંગે ફેમેલી કોર્ટમાં અરજી કરી હતી.

જે અરજી અદાલતમાં ચાલવા પર આવતા તેમાં બંને પક્ષોની રજૂઆત બાદ પતિના એડવોકેટ અજયસિંહ ચૌહાણ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલો તેમજ દસ્તાવેજી પુરાવામા ઉલટ તપાસમાં સંગીતાબેન નોકરી કરતાં હોવાનું સામે આવતાં અને ના હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદાઓને ધ્યાને લઈ અદાલતે પત્નીની કલમ ૧૪૪ હેઠળ ની ભરણપોષણ મેળવવાની અરજી ફગાવી દીધી છે. જ્યારે માસુમ પુત્રને માસિક ૩૦૦૦ પોષણ પેટે નિયમિત ચૂકવવા આદેશ પિતાને હુકમ કરેલ છે. આ કેસમાં સામેવાળા વિમલ રમેશભાઈ પરમાર વતી એડવોકેટ તરીકે અજયસિંહ ચૌહાણ, ડીનીશ મહેતા અને તુષાર ભલસોડ રોકાયા હતા.

# દૂધ સાગર રોડ પાવર હાઉસ પાસે તિનપત્તી રમતાં ત્રણ શખ્સો ઝડપાયા

**મુખ્ય સમાચાર રાજકોટ**



દૂધ સાગર રોડ પર જુના પાવર હાઉસ સામે જાહેરમાં તિનપત્તીનો જૂગાર રમાતો હોવાની બાતમી પરથી થોરાળા ડી. સ્ટાફના પીએસઆઈ એમ. એસ. મહેશ્વરી, દેવશીભાઈ, રાજેશભાઈ, ભરતસિંહ, પ્રકાશભાઈ સહિતે દરોડો પાડી ત્રણ શખ્સોને પકડી લીધા હતાં.

પોલીસે ભગવતી સોસાયટીના અસલમ ઈસ્માઈલભાઈ ગડણ, નાણાવટી ચોક આરએમસી ક્વાર્ટરના જયદીપ ભોળાભાઈ શિયાળ અને શિવાજીનગર-૬ના મેહુલ મનસુખભાઈ ઉઘરેજીયાને તિનપત્તી રમતાં પકડી લઈ રૂા. ૧૦૧૧૦ની રોકડ અને ગંજીપાના કબ્જે કર્યા હતાં.

# ધોરાજીમાં બાઈક ડિવાઈડર સાથે અથડાતા મેંદરડાના યુવાનનું મોત



ધોરાજી ના હાલ મેંદરડા ખાતે બસીરભાઈ હુશેનભાઈ સીલરી ઉ.વ. ૪૩ નું ધોરાજીના સ્ટેશન રોડ પર બાઈક લઈને જતા હતા અને તેમનું બાઈક ડિવાઈડર સાથે અથડાતા ગંભીર ઈજાઓ થતા ધોરાજી સરકારી દવાખાળાને સારવારમાં આવતા ફરજ પરના ડોકટર એ મૃત જાહેર કરેલ મૃત્યુ પામનાર મેંદરડા ખાતે મજુરી કામ કરતા હોવાનું જાણવા મળેલ છે. આ બનાવ અંગે એએસઆઈ મહેશભાઈ રાડા તપાસ ચલાવી રહેલ છે.

# વિસાવદરના ખંભાળીયા(ઓઝત)માં ખુની હુમલામાં ઘાયલ સરપંચના પતિનું મોત થતા બનાવ હત્યામાં પરિણમ્યો

## મહિના પૂર્વે પારકા ઝઘડામાં સમજાવવા જતા બનેલો બનાવઃબે સંતાનો સહીતનો પરિવાર શોકમાં ગરકાવ : પોલીસે કાર્યવાહી હાથ ધરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

જુનાગઢ જીલ્લાના વિસાવદર પંથકમાં એક મહિના પૂર્વે બનેલા હિચકારા હુમલાની ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા સરપંચનું સારવાર દરમિયાન રાજકોટ સિવિલ હોસ્પીટલમાં મૃત્યુ નીપજતા બનાવ હત્યામાં પલટાયો છે

ખંભાળિયા (ઓજત) ગામના સરપંચના પતિ પારકા ઝઘડામાં સમજાવવા જતા પાઈપથી હુમલો કરતા મૃત્યુ નીપજતા બે સંતાનો સહિતના પરિવારમાં શોક વ્યાપી ગયો છે બનાવ અંગે વિસાવદર પોલીસે જે તે સમયે આરોપી સામે ગુનો દાખલ કર્યો હતો પરંતુ હવે મોત થતા હત્યાની કલમનો ઉમેરો કરાશે.




આ અંગેની માહિતી મુજબ જુનાગઢ જીલ્લાના વિસાવદર તાલુકાના ખંભાળિયા (ઓજત) ગામે રહેતા અનેખેતીની મજુરીકામ કરતા અરવિંદભાઈ ભીખુભાઈ મકવાણા ઉ.૪૮ નામનો યુવાન ગત તારીખ ૧૫ માર્ચના રાત્રીના આઠ વાગ્યે આંગણવાડી પાસેથી ચાલીને કામ સબબ જતો હતો ત્યારે કિશોર ઉર્ફે ભાણો હરિભાઈ માલણિયા નામનો શખ્સ અન્ય વ્યક્તિ સાથે ઝઘડો કરી, ગાળાગાળી કરતો હોય જેથી બંને વચ્ચે અરવિંદભાઈ મધ્યસ્થી બન્યા હતા અને ઝઘડો ન કરવા તેમજ ઘર ન હોય તું બાલમંદિરમાં સુઈ જા તેમ કિશોરભાઈને સમજાવી છુટ્ટા પાડયા હતા અને પોતે આગળ જતા રહ્યા હતા ત્યારે કિશોરે પાછળથી આવીને હિચકારો હુમલો કર્યો હતો અને પાઈપના આડેધડ ઘા ઝીકી દીધા હતા માથે-શરીરે ગંભીર ઈજા થતા અરવિંદભાઈને સારવાર અર્થે જુનાગઢ ખાનગી હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા ત્યાર બાદ તબિયત સુધારા પર આવતા રજા લઈને ઘરે ગયા હતા ગઈકાલ તારીખ ૧૨ના રોજ ફરી તબિયત લથડતા રાજકોટ સિવિલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા અહીં સાંજે સારવાર દરમિયાન મોત નીપજતા બનાવ હત્યામાં પલટાયો હતો મૃતકના ભાઈ સોમાભાઈએ જણાવ્યું હતું કે મૃતક અરવિંદભાઈ ત્રણ ભાઈ અને બે બહેનમાં બીજા નંબરના છે તેમના પત્ની કાંતાબેન ખંભાળિયા (ઓજત) ગામના સરપંચ છે સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે જેમાં દીકરી સાસરે છે સરપંચના પતિની હત્યાના બનાવથી નાના એવા ગામમાં ખળભળાટ મચી જવા પામ્યો છે બનાવ અંગે વિસાવદર પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

# કરોડોના ખર્ચે બનેલા રાજકોટ ક્રાઈમબ્રાન્ચ બિલ્ડિંગમાં કોર્ટની ટકોર બાદ અંતે લાગ્યા સીસીટીવી કેમેરા

**મુખ્ય સમાચાર રાજકોટ**

કરોડોના ખર્ચે નવનિર્મિત થયેલ ક્રાઈમબ્રાન્ચની બિલ્ડિંગમાં સીસીટીવી કેમેરા નહી હોવાનું ખુદ હાઈકોર્ટે ટકોર અને આદેશ કર્યા બાદ અંતે ક્રાઈમ બ્રાન્ચની નવી કચેરી કેમેરાથી સજ્જ કરી એન્ટ્રી થી લઈ એક્ઝિટ તેમજ તમામ અધિકારીઓની ચેમ્બરો, લોબી સીસીટીવી કેમેરાથી કવર કરી દેવામાં આવી છે.

આ અંગેની મળતી વિગતો મુજબ કરોડોના ખર્ચે જામનગર રોડ હેડકવાટર સ્થિત નવનિર્મિત રાજકોટ ક્રાઈમ બ્રાન્ચની કચેરીમાં ડીસીપી, પીઆઈ, પીએસઆઈ અને કર્મચારીઓની ચેમ્બરો બનાવી પરંતુ બિલ્ડિંગમાં એક પણ સીસીટીવી કેમેરો લગાવવામાં નહીં આવ્યા ના સવાલો ખડા થયા હતા

સામાન્ય જનતા, વેપારીઓ માટે કેમેરા સંબંધી જાહેરનામું અને કેમેરા ફરજિયાત રાખવા અને અમલવારી નો આગ્રહ રાખતી હોય અને જો કેમેરા ન લગાવતા હોય તો જાહેરનામાના ભંગ હેઠળ કાર્યવાહી કરતી હોય છે ત્યારે ખુદ અમલવારી કરાવનાર પોલીસ જ જો અમલ ન કરે અને કાયદાનું ઉલંઘન કરે તે કેટલા અંશે વ્યાજબી ગણાય આ મુદ્દો છેક હાઈકોર્ટ ના ધ્યાને આવતા હાઈકોર્ટે કરેલ ટકોર અને આદેશ કર્યા બાદ રાજકોટ શહેરની નવી ક્રાઈમબ્રાન્ચમા સીસીટીવી કેમેરા લગાવવા માટે યુદ્ધના ધોરણે કામ હાથ ધરાયું હતું

રાજકોટ ક્રાઈમ બ્રાન્ચની કોઈને કોઈ મેટરમાં ઈસ્યુ ઊભા થતા નીચલી કોર્ટથી લઈ હાઈકોર્ટ સુધી ગાજ્યા હતા અને રીટ, ફરિયાદો થઈ હતી જેમાં આક્ષેપ, પ્રતિઆક્ષેપો સંદર્ભે પુરાવાઓ રૂપે કોર્ટ દ્વારા પણ સીસીટીવી ફુટેજ મંગાયા હતા પરંતુ ક્રાઈમ બ્રાન્ચનો એક જ જવાબ રહેતો કેમેરા નથી અને કેમેરા ઈન્સ્ટોલ માટેની કામગીરી ચાલુ છે. તેમ કહી સંતોષ માની લેતા હતા અંતે ક્રાઈમ બ્રાન્ચમાં કાર્ટની ટકોર બાદ ન ગમવા છતાં મને ક મને કેમેરા



લગાવી દેવામાં આવ્યા છે ક્રાઈમ બ્રાન્ચમા હવે કોણ ક્યારે ક્યાં ગુનામાં કોને લાવ્યા કોણે ક્યારે જવા દીધા સહિત ની પળે પળ ની માહિતી ૨૪ કલાક ૩૬૫ દિવસ સીસીટીવી કેમેરા માં કેદ થઈ જશે જેથી અમુક અંશે ખોટું કરવા વાળા ને જરૂર નુકસાની છે પરંતુ ઘણા અંશે સાચા ખોટા અક્ષેપો થી બચવાનો ડીસીબી બ્રાન્ચને ફાયદો પણ મળવાનો જ છે ક્રાઈમ બ્રાન્ચ કચેરીમાં કેમેરા નખાયા એટલે ઉચ્ચ અધિકારીઓને ક્યાં અધિકારી, કર્મચારી ક્યારે આવ્યા ક્યારે ગયા તે જાણવા મળશે.

કેમેરાનું મોનિટરિંગ અને ડેટા પણ ચોક્કસ મર્યાદા સુધી સંગ્રહિત રાખવામાં આવશે પીએસઓ ટેબલ સામે તમામ કેમેરાઓની મૂવમેન્ટ જોવા મળશે આ ઉપરાંત અધિકારીઓ પણ તેમની ચેમ્બરમાંથી સમગ્ર ક્રાઈમ બ્રાન્ચમાં ચાલતી સાચી ખોટી ગતિવિધિઓ પર નજર રાખી શકશે

# ગોકુળપરા માં ઉધારમાં માલ લઈ જતા શખ્સ પાસેથી પૈસા માંગતા યુવકને માર મારી, ૧.૧૫ લાખની લૂંટ

## નવા થોરાળા વિસ્તારમાં ગાળો ભાંડી કરેલો હુમલોઃ પોલીસે રાયોટીંગ સહિતનો ગુનો નોંધ્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેર ના નવા થોરાળાના ગોકુલપરામાં રહેતા અને સેન્ટીંગનું મજુરીકામ કરતા હરેશભાઈ કાનજીભાઈ પરમાર ઉ.૪૪એ આ જ વિસ્તારના કેવલ સોંદરવા, શામજીભાઈ મકાભાઈ મકવાણા, દિલીપ ઉર્ફે દિલો પ્રેમજીભાઈ ચૌહાણ, અજય જાદવ, નાગેશ ઉર્ફે છોટુ શામજીભાઈ મકવાણા અને રોહિત ઉર્ફે બાઠી રાઠોડ સામે મારકૂટ કરી ૧,૧૪,૫૦૦ની લૂંટ કરવા અંગે થોરાળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત ૧૧ તારીખે રાત્રે હું ઘરે આવ્યો ત્યારે માતા પ્રભાબેને મને કહ્યું કે થોરાળા વિસ્તારમાં રહેતો કેવલ અવારનવાર દુકાને આવે છે અને પૈસા આપ્યા વિના વસ્તુ લઈને જતો રહે છે રાત્રે પણ દુકાને આવી સિગરેટ, પાણીની બોટલ અને વેફર લઈ ગયો હતો જેથી હું અને નીલેશકાકા કેવલના ઘરે સમજાવવા જતા તે ત્યાં હાજર ન હતો દરમિયાન અજયનો ફોન આવેલ અને કહેલ કે કેવલ શામજીમામાને ત્યાં છે તમે આવો તેમ કહેતા ત્યાં જઈને કેવલને સમજાવવાનું કહેતા બધાએ મંડળી રચી ગાળો ભાંડી ઢીકાપાટુંનો માર માર્યો હતો હું ભાગીને શેરીમાં જતા પીછો કરી પકડી ફરી માર માર્યો હતો અને મેં પહેરેલો ૧.૦૭લાખનો સોનાનો ચેઈન અને ૭૫૦૦નો રોકડા અઢી હજાર સહિતનો ફોન કોઈએ લુંટી લીધાનું જણાવતા પીએસઆઈ જીંજાળાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# સિવિલ હોસ્પિટલના કાર્ડિયોલોજીસ્ટ ડો. સંદીપ ટીલારાએ રાજીનામું ધરી દીધું

- એકમાત્ર કાર્ડિયોલોજીસ્ટના રાજીનામાથી હૃદય રોગના દર્દીઓ માટે મુશ્કેલી



**મુખ્ય સમાચાર રાજકોટ**

સિવિલ હોસ્પિટલના એક માત્ર કાર્ડિયોલોજિસ્ટ ડોકટર સંદીપ ટીલારાએ રાજીનામુ આપી દીધું છે. ચાલુ મહિનાથી જ ડો.સંદીપ ફરજ પરથી છુટા થઈ ગયા છે. ત્યારે હૃદય રોગના વધતા બનાવો વચ્ચે સૌરાષ્ટ્રની મોટી સિવિલ હોસ્પિટલમાં દિલના દર્દીઓ માટે કપરો સમય આવી ગયો છે. આ તરફ નવા કાર્ડિયોલોજિસ્ટની નિયુક્તિ માટે સરકાર સમક્ષ મામલો પહોંચ્યો છે.

સિવિલ હોસ્પિટલના સૂત્રોએ જણાવ્યું કે, લાંબા સમયથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં હૃદય રોગ નિષ્ણાંત કાર્ડિયોલોજિસ્ટ ડો. સંદીપ ટીલારા સેવા આપતા હતા. આ મહિનાની ૧ તારીખથી તેઓ રાજીનામુ આપી ફરજમાંથી મુક્ત થયા છે. જોકે આ તરફ હૃદય રોગના દર્દીઓ માટે મુશ્કેલી સર્જે તેવો સમય આવી ગયો છે. એક તરફ શહેરના કાર્ડિયોલોજિસ્ટ

ડોકટરોએ એવી જાહેરાત કરેલી કે, આયુષ્માન કાર્ડ પર તેઓ સર્જરી નહીં કરે. ત્યારે આ તરફ સિવિલ હોસ્પિટલમાં કાર્ડિયોલોજિસ્ટનું રાજીનામુ પડતા દર્દીઓ કપરી સ્થિતિમાં મુકાયા હતા. જોકે આજે એવી ખબર આવી છે કે, શહેરની ખાનગી હોસ્પિટલના કાર્ડિયોલોજિસ્ટ ડોકટરોએ હડતાલ પાછી ખેંચી છે.

જોકે આ દરમ્યાન સિવિલમાં કોઈ દર્દી આવે તો તેને અમદાવાદ રીફર કરાઈ છે. સિવિલ હોસ્પિટલના અધ્યક્ષ ડો. મોનાલી માકડીયાએ કહ્યું કે, નવા શહેરના કાર્ડિયોલોજિસ્ટ ડોકટરની નિમણુંક માટે અમે સરકારમાં કાગળ લખ્યો છે. ત્યારે હવે વહેલી તકે નિયુક્તી થાય તેવી આશા છે.

# ગંજીવાડા માં હોર્ન વગાડવા બાબત લુખ્ખાનો આતંકઃ છરીથી યુવક પર તૂટી પડયો

## પોલીસ દરરોજ પાંચ-સાત છરી પકડી રહી છે પણ પકડે છે તેના કરતાં ડબલ તો નેફામાં તથા સ્કૂટરમાં છુપાયેલી હોઈ છે

રાજકોટના ગંજીવાડામાં હોર્ન વગાડવા બાબતે લુખ્ખાએ યુવકના માથામાં છરીનો ઘા મારી દેતાં તેને લોહી નીકળતી હાલતમાં હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો. આ અંગે ની મળતી વિગતો મુજબ ઉમરભાઈ ઉર્ફે ડાડો હનીફભાઈ કંડિયા (ઉ.વ.૨૩)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે રવિવારે રાત્રે ૧૨ વાગ્યા આસપાસ તે અને તેનો મીત્ર અભી વ્યાસ છોટાહાથીમાં સાઉન્ડ સિસ્ટમનો સામાન ભરી ગંજીવાડામાં મુકવા જઈ રહ્યા હતા ત્યારે ગંજીવાડા મેઈન રોડ પર ભૈયાની વાડી પાસે રામા મંડળ ચાલું હતું જેથી વાહન ધીમેની ચાલીને જતો હતો ત્યારે રોડ ઉપર ટ્રાફિક હોવાથી તેણે હોર્ન વગાડ્યું હતું. આ સમયે ત્યાં મહેશ ઉર્ફે દાઉદ મુળજીભાઈ મકવાણાએ ઉમર પાસે ધસી આવી કેમ હોર્ન વગાડે છે કહી માર મારવાનું શરૂ કરી પેન્ટના નેફામાંથી છરી કાઢી માથામાં ડાબી બાજુ કાનની ઉંમરના મારે એક ઘા મારી દેતાં ઉમર ત્યાં જ ઢળી પડતાં મહેશ ઉર્ફે દાઉદ ભાગી ગયો હતો. આ પછી ઉમરને તેના બનેવીએ હોસ્પિટલે સારવાર માટે ખસેડ્યો હતો.

# Instagramમાં પુત્રીના ફેક ફોટા બનાવી શખ્સે બદનામ કર્યાની ફરિયાદ

શહેરની ભાગોળે ભાવનગર રોડ પર આવેલા મહિકા ગામના રસ્તે માધવવાટિકા માં રહેતા યુવાનની પુત્રીના શખ્સે લગ્ન ફોટા બનાવી instagram ના સ્ટેટસ માં મૂકી બદનામ કરતા સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાય છે આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ ભાવનગર રોડ પર મહીકા ગામના રસ્તે આવેલ માધવવાટિકામાં રહેતા અને ફર્નિચરનું કામ કરતા રોશનલાલ રામલાલ કુમાવત નામના યુવાને સાઈબર ક્રાઈમ પોલીસમાં અનિલ ચાંદમલ કુમાવત નામના શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે આ શકશે શક્ષતફિંલફિળ માં અનિલ કુમાવત નામનું આઈડી બનાવી કપિલ કુમાવત નામની ઓળખ આપી તેના સાઢુભાઈ ના દીકરા કનૈયાલાલ ગોપાલભાઈ કુમાવત ને ગાળો ભાંડી બે વ્યક્તિઓ સંભોગ કરતા હોય અને અન્ય એક નગ્ન ફોટામાં તેની પુત્રીનું મોઢું લગાવી સ્ટેટસમાં મૂકી બદનામ કર્યાની ફરિયાદ નોંધાવતા પીઆઈ એમ એ ઝણકાત એ ગુનો નોંધી અનિલ કુમાવત નામના શખ્સ ની શોધખોળ શરૂ કરી છે

# માંડા ડુંગર પાસે બીમારીથી કંટાળી યુવકનો આપઘાત

શહેરમાં માંડા ડુંગર પાસે પીઠડઆઈ સોસાયટીમાં રહેતો અને નજીક વાડીમાં ખેતીકામ કરતાં યુવાને બીમારીથી કંટાળી ઝેરી દવા પી આપઘાત કરી લેતાં તેના પરિવારમાં શોક છવાયો છે. બનાવને પગલે આજી ડેમ પોલીસે કાર્યવાહી કરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પીઠડઆઈ સોસાયટીમાં રહેતા અજયભાઈ હરિભાઈ જાદવ (ઉ.૩૨) એ તા.30ના રોજ પોતાની વાડીએ હતા ત્યારે ઝેરી દવા પી જતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા જેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતા જમાદાર હરપાલભાઈ સોલંકી સહિતે તપાસ કરતાં મૃતક યુવકને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હોવાનું અને ખેતીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. પોલીસની વધુ પૂછતાછમાં અજયભાઈને કેટલાક સમયથી માનસિક બીમારી હોય અને સારવાર પણ ચાલુ હોય છતાં સારું ન થતા બીમારીથી કંટાળી આ પગલું ભરી લીધાનું પરિવારે જણાવતા પોલીસે વધુ કાર્યવાહી કરી છે.

# ભીમરાવનગરમાંથી ઝડપાયેલો જથ્થો ગૌમાંસનો હોવાનું ખુલતાં ગુન્હો દાખલ

શહેરના માંડા ડુંગર પાસે આવેલા ભીમરાવનગરમાં ૧૦ દિવસ પૂર્વે જીવદયા પ્રેમીને સાથે રાખી પોલીસે દરોડો પાડયફો હતો. ત્યારે 30 કિલો માસનો જથ્થો ઝડપાયો હતો. આ માસ કોનું છે તેની ચકાસણી અર્થે માસને એફએસએલ અર્થે લેબોરેટરીમાં મોકલાયું હતું. તેના રિપોર્ટમાં આ માસ ગૌમાસ હોવાનું સામે આવતા આજે આજીડેમ પોલીસે માસ વેંચનાર મહિલા સામે ગુનો દાખલ કર્યો છે. આજીડેમ પોલીસ સ્ટેશનના ક્રોન્સ્ટેબલ કુલદીપસિંહ જાડેજાએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ભીમરાવનગરની મણી જગદીશ રાઠોડનું નામ આપ્યું હતું. કોન્સ્ટેબલ ફલદીપસિંહે ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા. રના જીવદયાપ્રેમી ભાવિનધીયાડે પોલીસ કન્ટ્રોરૂમમાં જાણ કૅરી હતી કે ભીમરાવનગરમાં એક મહિલા ગૌમાંસનું વેચાણ કરી રહી છે જેને પગલે આજીડેમ પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી. પોલીસે જીવદયાપ્રેમીને સાથે રાખી મણી રાઠોડના મકાનમાં તપાસ કરી હતી. પોલીસે તપાસ કરતા મણી રાઠોડના ઘરમાંથી 30 કિલો માંસનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે તે જથ્થો જપ્ત કરી તેમાંથી માંસનો એક ટુકડો સીલ કરી તપાસ અર્થે ફોરેન્સિક લેબોરેટરીમાં મોકલ્યો હતો. ઝડપાયેલું માંસ ક્યા પશુનું છે તે ત્તકાલી સમયે મણી રાઠોડે પોલીસ સમક્ષ અલગ અલગ વાતો કરી હતી. પરંતુ, ઝડપાયેલું માંસ ગૌવંશનું હોવાનો એફએસએલ રિપોર્ટ આવતાં પોલીસે મણી જગદીશ રાઠોડ સામે ગુનો નોંધ્યો હતો.

# જૂનાગઢમાં પત્નીના પ્રેમપ્રકરણથી કંટાળી પતિનો આપઘાત :પુત્રએ માતા અને પ્રેમી સામે નોંધાવી ફરિયાદ

## દુબઈમાં પત્ની અન્ય શખ્સના પ્રેમમાં પડીને પરિવારનો માળો વીંખાયોઃપતિ આડખીલીરૂપ બનતા પત્ની અને તેના પ્રેમીએ ફોનમાં ખૂનની ધમકી આપી હતી

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનાગઢના વાડલા ફાટક પાસે રહેતા અને એસટીમાં નોકરી કરતા ૪૪ વર્ષીય યુવાને તેની પત્ની અને તેણીના પ્રેમીના માનસિક ત્રાસ અને મારી નાખવાની ધમકીભર્યા ફોનથી કંટાળીને સ્યુસાઈડ કરી લીધાનો બનાવ પોલીસ દફ્તરે નોંધાયો છે.

જૂનાગઢમાં વાડલા ફાટક પાસે રોયલ હાઈટ્સમાં રહેતા મોહિત દિપકભાઈ અગ્રાવતે તેની માતા દક્ષાબેન અને માતાના પ્રેમી શ્યામ શાહ સામે વંથલી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે, જેમાં એવું જણાવ્યું છે કે, તેમના પિતા દીપકભાઈ ૫ મહિનાથી એસટીમાં નોકરી કરે છે, જ્યારે દક્ષાબેન ૪ વર્ષથી દુબઈમાં કેર ટેકર તરીકે નોકરી કરે છે.ત્યારે ઘરમાં પિતા સાથે મોહિત અને તેની બહેન કલ્પના ઉ.૧૫ રહેતા હતા ત્યારે રાતે ૧૧ કલાકે અચાનક દીપકભાઈએ ઘરે ઝેરી દવા પી લેતા તેનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. તેમણે પુત્રને વાત કરેલી અને એક સ્યુસાઈડ નોટ લખેલી જેમાં જણાવ્યું હતું કે, દક્ષાબેન જ્યારથી દુબઈ ગયેલ તેના એક વર્ષ પછી તેની વર્તણુક ફરી ગયેલ, જાણવા મળ્યું કે તેણીને શ્યામ શાહ નામના શખ્સ સાથે પ્રેમ સંબંધ છે.જેથી પત્નીને સમજાવી દુબઈથી પરત બોલાવી, ગત વર્ષે તે ઘરે આવી ત્યારે તેના મોબાઈલમાં વોટ્સએપ ચેટ અને શ્યામ સાથે વાતચીત કરતી હોવાનું સામે આવેલ જે અંગે તેના ભાઈને વાત કરતા તે પિયર જતી રહેલી પરંતુ બાદમાં પત્ની અને તેનો




પ્રેમી દીપકભાઈનેફોનમાં અમારી વચ્ચે નહીં પડવા નહિતર મારી નાખવાની ધમકી આપતા હતા. જે માનસિક ત્રાસથી દીપકભાઈએ આપઘાત કરી લીધાનું સામે આવ્યું છે. હાલ મોહિતે પિતાના મોબાઈલમાં આવેલ ધમકીભર્યા કોલના રેકોર્ડિંગ અને સ્યુસાઈડ નોટ પોલીસને આપીને તેના પિતાને મરી જવા મજબુર કરવા અંગે માતા અને તેના પ્રેમી સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

# ગાંજાનો જથ્થો સપ્લાય કરવાના કેસમાં સપ્લાયરની જામીન અરજી મંજુર કરતી કોર્ટ

- રાજકોટમાંથી ઝડપાયેલા શખ્સની પૂછપરછમાં જુનાગઢના આરોપીનું નામ ખુલતા ધરપકડ થઈ'તી

**મુખ્ય સમાચાર રાજકોટ**

જયુબિલી બાગની ફૂટપાથ ઉપરથી ૧૧.૯૫૦ કિલો ગાંજા સાથે ઝડપાયેલા આરોપીને ગાંજો પુરો પાડનાર જુનાગઢના આરોપી મોઈન ઉર્ફે મઈલાની જામીન અરજી સ્પેશિયલ એનડીપીએસ કોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવી છે. આ અંગેની હકીકત મુજબ, રાજકોટમાં એસ. ઓ. જી શાખાએ મળેલ બાતમીના આધારે જ્યુબિલી ગાર્ડન પાસે ફૂટપાથ ઉભેલ ચેતન ભરતભાઈને ૧૧.૯૫૦ કીલોગ્રામ ગાંજા સાથે ઝડપી ગુનો એ ડિવિઝન પોલીસમાં નોંધાવ્યો હતો. ચેતનની પૂછપરછમાં આ ગાંજો મોઈન ઉર્ફે મઈલો મહેબુબભાઈ સર્વદિ (રહે. વંથલી, જી. જુનાગઢ) પાસેથી લાવ્યાનું ખૂલવા પામેલ હતું. જે સબબ મોઈન ઉર્ફે મઈલો મહેબુબભાઈ સર્વદિની અટક કરી ધોરણસરની કાર્યવાહી અને તપાસ બાદ રાજકોટ સ્પેશ્યલ એન.ડી.પી.એસ કોર્ટમાં રજુ કરતા આરોપીને રાજકોટ જિલ્લા જેલ ખાતે મોકલી આપવામાં આવેલ હતા. દરમિયાન ચાર્જશીટ થઈ જતા ગાંજો પૂરો પાડનાર મોઈન ઉર્ફે મઈલાએ પોતાના એડવોકેટ મારફત સેશન્સ કોર્ટ સમક્ષ જામીન અરજી કરી હતી. જે અન્વયે આરોપીઓ વતી રોકાયેલ એડવોકેટે કરેલ દલીલ તેમજ જામીન અરજી સંદર્ભે હાઈકોર્ટ તેમજ સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ ધ્યાનમાં રાખી કોર્ટ દ્વારા આરોપીઓને જામીન મુક્ત કરવાનો હુકમ ફરમાવેલ હતો.

આ કામે આરોપી વતી એડવોકેટ સાહીસ્તાબેન એસ. ખોખર, રણજીતભાઈ એમ. પટગીર, પ્રહ્લાદસિંહ ઝાલા, મીતેશ એચ. ચાનપુરા રોકાયા હતા.